
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

卐卐

# શ્રી આત્માનંદ પ્રકાશ

卐卐



## પર્યુષણનું મનન

सामाइकमाइअं सुअनाणं जाघ बिंदुसाराओ ।
तस्स हि सारो चरणं, सारा चरणस्स निव्वाणं ॥

સામાયિકથી માંડી ચૌદમાં લોકબિંદુ સાર પૂર્વ સુધી
શ્રુતજ્ઞાન છે તેના સાર ચારિત્ર છે અને ચારિત્રનો નિર્વાણ છે.

## પર્યુષણ વિશેષાંક


પુસ્તક : ૮૪ | અષાઢ-શ્રાવણ | આત્મ સંવત ૯૩
જુલાઇ-ઓગષ્ટ | વીર સંવત ૨૫૧૩
અંક : ૯-૧૦ | ૧૯૮૭ | વિક્રમ સંવત ૨૦૪૩


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી ગોડીપાર્શ્વનાથ સ્તવન | ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મ. | ૧૨૯ |
| ૨ | પંજાબ કેશરી યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી | — | ૧૩૦ |
| ૩ | ધર્મનો પ્રકાશ | અનુવાદક : કુમારપાળ દેસાઈ | ૧૩૧ |
| ૪ | નવધા ભક્તિનું સ્વરૂપ | પૂ. આ. શ્રી કુંદકુંદસૂરિજી મ. સા. | ૧૩૯ |
| ૫ | પર્વાધિરાજ પર્યુષણા પર્વ | — | ૧૪૫ |
| ૬ | ક્ષમા | — | ૧૪૬ |
| ૭ | સંવત્સરીનો મર્મ | ડૉ. શ્રી કુમારપાળ દેસાઈ | ૧૪૭ |
| ૮ | આધ્યાત્મિક સંસ્કારો ભૂલીને આજનાં માનવે શું મેળવ્યું ? | કુ. જ્યોતિ પ્રતાપરાય શાહ | ૧૪૯ |
| ૯ | ધર્મલાભ | મુનિશ્રી ધર્મધ્વજવિજયજી મ. | ૧૫૨ |
| ૧૦ | સંસ્કાર સિંચન | — | ૧૫૩ |
| ૧૧ | જ્ઞાનદૃષ્ટિ | રતિલાલ માણેકચંદ શાહ | ૧૫૫ |
| ૧૨ | સંસ્થા સમાચાર | — | ૧૫૭ |


## આ સભાના નવા આજીવન સભ્યશ્રી

(૧) શાહ કીશોરકુમાર હિંમતલાલ–ભાવનગર

(૨) શાહ કાન્તિલાલ દીપચંદભાઇ–ભાવનગર

(૩) શાહ પ્રતાપરાય હીરાચંદ હરગોવનદાસ–ભાવનગર

## સ્વર્ગવાસ નોંધ

શ્રી કાન્તિલાલ પ્રેમચંદભાઈ ઘેટીવાળા મુંબઇ મુકામે સં. ૨૦૪૩ના અષાડ વદ ૧૨ ને બુધવાર તા. ૨૨-૭-૮૭ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેમના કુટુમ્બ પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરી તેમના આત્માને પરમ શાન્તિ મળે એવી પ્રાર્થના કરીએ છીએ.

## આવતો અંક

'આત્માનંદ પ્રકાસનો 'નો હવે પછીનો અંક તા. ૧૬-૧૦-૮૭ના રોજ 'દીપોત્સવી અંક' તરીકે પ્રગટ થશે.

— તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : કે. જે. દોશી

વર્ષ ૮૪ | વિક્રમ સં. ૨૦૪૩ | જુલાઇ ઓગષ્ટ

અંક ૯-૧૦ | અષાઢ–શ્રાવણ | ૧૯૮૭


## 卐 શ્રી ગોડીપાર્શ્વનાથ સ્તવન 卐

હિતકારી ને હિતકારી, ગોડીપાસ પરમ ઉપકારી રે,
તોરી મૂરતિ મોહનગારી રે, તે તો લાગઇ મુઝનઈ પ્યારી રે, ॥ ૧ ॥

વાહઈ જીમ ચંદ ચકોરારે, જીમ વંછઈ ઘનનઇ મોરારે,
જીમ વાલ્હી ગજનઈ રેવારે. તીમ વાલ્હી મુઝ તુઝ સેવારે. ॥ ૨ ॥

જે સાહિબ ચતુર સનેહી રે, તેહેસ્યૂં વાત અગોચર કેહીરે;
અણુખારસ્યૂં તિણિ પરિમિલિઈ રે, જીમ સાગર દૂધિં ભલિઇરે. ॥ ૩ ॥

જે તુમ ગુણ મઇં ચિતિ ધારિયા રે, તે તો જાઇ નવિ વીસારિયારે,
સુહણઈ પણિ સાંભરિવાઇ રે, પરના ગુણ ચિતિ ન સુહાવઈ રે। ॥ ૪ ॥

મક-માતૃ–મનોભવ દલિયા રે, પર સુર તો સઘલા ગલિયારે,
તેહના ગુણ જે મુખિ ભાખેઈરે. તે તો દૃષ્ટિરાગ નિજ દાખઇરે. ॥ ૫ ॥

બિહૂંમાંહિ ઈક અધિકાઈરે, પરખનાં મુઝ મતિ ભાઈરે,
તુઝ વચનઇ સઘલુ સાચુ રે, પર વચનઈ સઘલું કાચુ રે. ॥ ૬ ॥

જાણો તિમ જગત જાણોરે, મુઝ મનિ તો તૂઝ સુહાણોરે,
સરવંગી નયની વાણીરે, તૂઝ વિણ અવરઈ નવિ જાણીરે. ॥ ૭ ॥

આજ અમિય ઘનાઘન વૂઠારે, સમકિત દૃષ્ટિ સુ તૂઠા રે.
નિજ કાદ ચિંતામણિ આયોરે, જે મઈ તુઝ દરશન પાયો ।૮ ॥

સાહિબ તુઝ અરજ કરી જઇરે, સેવક ઊપરિ હિત કીજઇંરે,
વાચક જશ કહેઇ અવિધારોરે, ભવસાયર પાર ઊતારોરે. ॥ ૯ ॥

॥ ઇતિ શ્રી ગોડીપાર્શ્વનાથ સ્તવન સંપૂર્ણ ॥

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પંજાબ કેશરી યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી

વડોદરામાં વીસાશ્રીમાળી જ્ઞાતિના શ્રેષ્ઠીવર્ય દીપચંદભાઇના કુળમાં ધર્મપત્ની ઇચ્છાબેનની કુક્ષીએ સંવત ૧૯૨૭ કારતક શુદ ૨ એક પુત્ર રત્નનો જન્મ થયો. એનું નામ રાખવામાં આવ્યું છગનલાલ. સંવત ૧૯૪૪ વૈશાખ શુદ ૧૩ રાધનપુરમાં તેઓએ પૂજ્યશ્રી આત્મારામજી પાસે દીક્ષા લીધી. અને મુનિશ્રી હર્ષવિજયજીના શિષ્ય તરીકે એમને જાહેર કરી એમનું નામ મુનિશ્રી વલ્લભવિજયજી રાખવામાં આવ્યું. થોડા વર્ષોમાં અનન્ય બુદ્ધી પ્રતિભાથી સમગ્ર સમુદાયમાં અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત કર્યું. સંવત ૧૯૮૧ માગસર શુદ ૫ લાહોરમાં એમને આચાર્ય પદવી આપવામાં આવી અને એમનું નામ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી રાખવામાં આવ્યું.

ભારત પાકીસ્તાનના ભાગલા પ્રસંગે તેઓશ્રી લાહોરમાં હતા. મારા સમગ્ર સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવીકા જ્યાં સુધી ભારત નહિ પહોંચે ત્યાં સુધી હું ભારત જઇશ નહિ એવા આપના શબ્દો પ્રાણી માત્ર ઉપરની આપની લાગણી અને દયા સાબિત કરે છે.

સમગ્ર ભારતમાં આપે ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાલયો બંધાવ્યા-જે મહાવીર જૈન વિદ્યાલય તરીકે પ્રખ્યાત છે. તેઓશ્રીએ જ્ઞાનાવરણીય કર્મના અભૂતપૂર્વ ક્ષયોપશમ વડે લગભગ ૨૫૦૦ બે હજાર પાંચસો સુંદર સ્તવન-સજ્ઝાય સ્તુતિ-પૂજાની રચના કરી.

સંવત ૨૦૧૧ આસો વદ ૧૧ ભાયખાલામાં કાળધર્મ પામ્યા. જ્યાં એમને અગ્નીદાહ આપવામાં આવ્યો. ત્યાં એમની સ્મૃતિ નિમિત્તે સમાધિ મંદિર બાંધવામાં આવ્યું. દર વર્ષે શ્રી આત્માનંદ જૈન સભાના ઉપક્રમે ત્યાં આસો વદ ૧૧ ગુણાનુવાદની સભા યોજવામાં આવે છે અને પૂજા ભણાવવામાં આવે છે.

આત્માના અનંત ગુણો જ્યારે પૂર્ણપણે પ્રકાશે છે ત્યારે આત્મા તેજ પરમાત્મા કહેવાય છે. અને તેવો પરમાત્મારૂપ મોટો દેવ પ્રત્યેકના શરીરમાં વસેલો છે. પરમાત્માને ખોળવા પૂર્વ પશ્ચિમ દિશાએ જવાની જરૂર નથી. ઉત્તર યા દક્ષિણ દિશાએ ખોળવા જવાની જરૂર નથી. પાણીમાં, નદીમાં, પહાડોમાં જવાની જરૂર નથી. આકાશમાં કે પાતાળમાં જવાની જરૂર નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમયદર્શી આચાર્યની સનાતન વાણી

# ધર્મનો પ્રકાશ

[ આ વર્ષ એ પરમ પૂજ્ય નવયુગ પ્રવર્તક આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની દીક્ષા શતાબ્દીનું વર્ષ છે અને એ નિમિત્તે સમગ્ર ભારતમાં ઠેર ઠેર જુદા જુદા કાર્યક્રમો થઈ રહ્યા છે. આના અનુસંધાનમાં સમયદર્શી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પ્રવચનોનુ રૂપાંતર ગુજરાતી ભાષામાં પહેલી જ વાર જાણીતા સાહિત્યકાર શ્રી કુમારપાળ દેસાઈ મુંબઇની શ્રી આત્માનંદ જૈન સભાના અનુરોધથી કરી રહ્યા છે. એ પ્રવચનના અનુવાદના કેટલાક અંશ અહીં અમે પ્રગટ કરીએ છીએ. ]

આજના મારા પ્રવચનનો વિષય છે ધર્મ. માનવજીવનની પ્રત્યેક પ્રવૃત્તિને ઉન્નતગામી બનાવનાર અને માનવજીવનને સંયમની શોભા આપનાર છે ધર્મ. માનવીના જીવનપથ પર સત્યનો પ્રકાશ પાથરતો અને પ્રગટાવતો આ એવો દીપક છે, જેના અજવાળાથી પતનની ઊંડી ખીણમાં ધસે જતા માનવીને ઉગારી શકાય છે. આપણી જીવનયાત્રા ધર્મરૂપી દીપકને કારણે સહીસલામત ચાલે છે. આનો અર્થ જ એ કે ધર્મ જીવનના પ્રત્યેક ક્ષેત્રે માનવીને સાચો માર્ગ ચીંધનારો છે. વ્યક્તિગત કે સામાજિક જીવનનો અભ્યુદય કે કલ્યાણ કરનારુ તત્ત્વ ધર્મ જ છે. બીજા શબ્દોમાં કહું તો ધર્મ વ્યક્તિ અને સમાજના ઉન્નત જીવનનો સ્રષ્ટા-રચયિતા છે પ્રાણની રક્ષા કરવાથી શરીરની રક્ષા થાય છે, એ જ રીતે માનવજીવનની રક્ષા ધર્મરૂપી પ્રાણની રક્ષા કરવાથી થાય છે. આથી જ 'મહાભારત'માં કહ્યું છે—

'धर्म एव हतो हन्ति, धर्मो रक्षति रक्षितः ।'

અર્થાત્ ધર્મને નષ્ટ કરવાથી કે ત્યજી દેવાથી જીવનનો નાશ થાય છે અને ધર્મને સુરક્ષિત રાખવાથી એ જીવનની રક્ષા કરે છે. પવિત્ર અંતઃકરણના ઊંડાણથી સચ્ચાઇ પૂર્વક વિચારીએ તો ધર્મ માત્ર સમાજનો જ નહિ, પણ સમગ્ર સૃષ્ટિનો આધાર અને જીવાદોરી છે. ધર્મ વિના વ્યક્તિ, સમાજ કે વિશ્વ કોઈ ટકી શકે નહિ.

## ધર્મનું સ્વરૂપ અને માહાત્મ્ય

ધર્મ એટલે શું ? ધર્મને પ્રચલિત સંપ્રદાયો, પંથો, મત-મતાંતરો કે 'રીલીજિયન' સાથે કોઈ સંબંધ નથી. આ ધર્મ તો અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અપરિગ્રહ, ન્યાય, નીતિ, સંયમ, તપ આદિ દ્વારા જીવનને મંગલમય અને કલ્યાણમય બનાવનાર શુદ્ધ તત્ત્વ છે. આથી ધર્મમૂર્તિ ભગવાન મહાવીરે કહ્યુ :

'धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥'

'અહિંસા, સંયમ અને તપરૂપી શુદ્ધ ધર્મ ઉત્કૃષ્ટ અને મંગલમય છે. જેનું મન સદા ધર્માચરણમાં લીન હોય છે, તેને દેવતાઓ પણ નમસ્કાર કરે છે.'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ છે ધર્મનું સ્વરૂપ અને માહાત્મ્ય! પાશેર વજનનું તૂંબડું ત્રણ મણનાં શરીરને નદી પાર કરાવી શકે છે, એવી જ રીતે અઢી અક્ષરનો આ નાનકડો ધર્મ શબ્દ આત્માને ડૂબતો બચાવી શકે છે.

## ધર્મનું લક્ષણ

પ્રશ્ન એ થાય છે કે ભારતની એકેએક વ્યક્તિમાં તાણાવાણાની માફક ગૂંથાયેલો આ ધર્મ ખરેખર છે શું? ભારતીય સમાજજીવનમાં ભોજનથી માંડીને જન્મ-મરણ અને હરવા-ફરવાની બધી જ ક્રિયાઓ સાથે અનુસ્યૂત એવો આ ધર્મ કઈ બાબત છે? જો મનુષ્ય ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજી લે તો પછી એને જીવનભર છોડી શકતો નથી. આથી મહાન જૈનાચાર્યોએ ધર્મનું આવું લક્ષણ આપ્યું છે:

'दुर्गतौ प्रपतज्जन्तून यस्माद् धारयते ततः ।
धत्ते चैव शुभे स्थाने तस्माद् धर्म इति स्मृतिः ॥'

'જે દુર્ગતિ (પતનના ખાડા) માં પડતા પ્રાણીઓના આત્માઓને બચાવે અને એમને સદ્‌ગતિએ (ઉન્નતિના સ્થાને) પહોંચાડે એ ધર્મ.'

વૈદિક ધર્મમાં પણ ધર્મની આવી જ વ્યાખ્યા આપવામાં આવી છે. જે સમાજને ઉત્થાન અને કલ્યાણના માર્ગમાં ધારણ કરે તે ધર્મ. જે સમાજનું પોષણ, રક્ષણ અને સત્ત્વશુદ્ધિ કરે તે ધર્મ. સામાજિક જીવનમાં સદ્‌વિચાર અને સદાચારની મશાલ સતત જલતી રાખે તે ધર્મ. જે વિચાર અને આચાર આત્માની પવિત્ર શક્તિને વિકસિત કરે તે ધર્મ.

## ધર્મ અને અધર્મની ઓળખ

ધર્મ માનવહૃદયમાં પેસી ગયેલી દાનવી વૃત્તિઓ તેમજ સ્વાર્થ અને લિપ્સાને દૂર કરે છે અને એને સ્થાને માનવતાની પ્રાણપ્રતિષ્ઠા કરે છે, જ્યારે અધર્મ માનવીના હૃદયમાં સ્વાર્થ-વૃત્તિ, રાક્ષસી પ્રવૃત્તિ, સંગ્રહખોરી અને પારકાને પીડા પહોંચાડવાની દાનવી વૃત્તિને જગાડે છે. જ્યાં ધર્મનું વાતાવરણ હશે ત્યાં માનવીના જીવનમાં કે સમાજમાં સુખ, શાંતિ, સંતોષ, અને આનંદનું ઝરણું વહેતું હશે, જ્યાં વસ્તુનો અભાવ કે પ્રિય વસ્તુનો વિયોગ દુઃખદ નહિ બનતો હોય, બલ્કે પોતાની વસ્તુઓનો ભાગ કરીને અને બીજાને આપીને અન્યને સુખી જોવામાં આનંદ વસતો હશે ભગવાન રામના ઘરમાં ધર્મકલા જીવિત હતી, આથી તો એમને ત્યાં લેવાની નહિ પણ આપવાની, બીજાઓ માટે ત્યાગ કરવાની હોડ ચાલતી હતી. રામનું જીવન ધર્મમય હોવાથી ભયંકર જંગલ પણ એમને માટે મંગલમય બન્યું હતું. બીહડ જંગલમાં પણ એમને શાંતિ અને સંતોષ હતા.

રામ કહેતા હતા, "અયોધ્યાની ગાદી પર હું નહિ બેસું."

ભરત કહેતો હતો, "હું પણ નહિ બેસુ."

આમ જ્યાં બીજાને આપવાની. ત્યાગ કરવાની, તપ કરવાની અથવા તો બલિદાનની હોડ ચાલતી હોય, ત્યાં સમજવું કે સાક્ષાત્ ધર્મ વસે છે. જ્યાં બીજાની પાસેથી છીનવી લેવાની, બીજાના અધિકારો પડાવી લેવાની અથવા તો બીજાને દુઃખી કરવાની ભાવના હોય, ત્યાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અધર્મ વસતો હોય છે. રાવણની પાસે શું નહેતું ? પત્ની, પુત્ર, રાજ્ય, સંપત્તિ અને સામર્થ્યવાન શરીર જેવાં બધા ભૌતિક સાધનો હતા. તેમ છતાં એની મનોવૃત્તિ સતી સીતાનું અપહરણ કરીને એને પોતાની પત્ની બનાવવાની હતી. આથી તો એણે પોતાના સાચા હિતૈષીઓ કે પતિવ્રતા પત્નીની કોઇ વાત કે સલાહ કાને ધરી નહિ અને રાજ્ય, સંતાન, સંપત્તિ અને શરીર સઘળું હોડમાં લગાવી દીધુ. વિરાટ વૈભવ અને મંદોદરી જેવી પતિવ્રતા પત્ની હોવા છતાં એના મનમાં અજંપો હતો. આનું કારણ એ કે એનું હૃદય અધર્મમાં રમમાણ હતુ.

પરિણામે આજે જગતમાં રામનું નામ આદરપાત્ર અને પ્રાતઃસ્મરણીય બની ગયું. કોઇ વ્યક્તિ પ્રાતઃકાળે રાવણનું નામ લેતી નથી. એના નામ પ્રત્યેક ઈતિહાસકાર ફિટકાર વરસાવે છે. અને એને ધૃણાની નજરે જુએ છે આવું કેમ ? રાવણ પાસે ધન, પરિવાર, રાજ્યસત્તા અને અન્ય વૈભવની શું અછત હતી ? ના. ભૌતિક વૈભવ, અમાપ સંપત્તિ અને વિશાળ રાજ્યસત્તામાં એ કદાચ રામથી પણ ચાડિયાતો હતો. પરંતુ આ બધું હોવા છતાં એની પાસે ધર્મનો વૈભવ નહોતો. અધર્મથી એનું જીવન લપેટાયેલું હતું. જ્યારે રામની પાસે ધન, વૈભવ, સત્તા અને સંપત્તિ ઓછી હશે અથવા તો આ બધાનો તેઓ પ્રસન્નતા પૂર્વક ત્યાગ કરી શકતા હશે. તેમ છતાં એમની પાસે અપાર ધર્મવૈભવ હતો ધર્મની મર્યાદાને એમણે અખંડિત રીતે સાચવી હતી અને તેથી જ રામને મર્યાદા પુરુષોત્તમ ભગવાન કહેવામાં આવે છે. જ્યારે રાવણને ધર્મમર્યાદા ખંડિત કરનારો રાક્ષસ કહેવામાં આવે છે! ધર્મ અને અધર્મની પરીક્ષા આપણા હૃદયમાં થતી હોય છે. કોઇ આપણને દુઃખ આપે, હેરાન પરેશાન કરે, આપણી સાથે અન્યાય, પ્રપંચ, દગાબાજી કે બેઇમાની કરે, તો એ આપણો હક છીનવી લે છે કોઇ તમારે ત્યાં ચોરી કરે અથવા તો તમારી પત્ની પર કુદૃષ્ટિ કરે તો એ તમને ગમતું નથી. એ જ રીતે આવી બાબતો બીજાઓને પણ ગમતી નથી. તમારી સાથે દુષ્ટ વ્યવહાર કરનારને તમે અધર્મી કે પાપી કહેશો. બીજાઓ સાથે તમે જો આવા દુર્વ્યવહાર કરશો તો તેઓ પણ તમને પાપી કે અધર્મી કહેશે.

આનો સાર એટલો જ કે જે ચીજ આપણને ખરાબ કે અસહ્ય લાગે છે તે બીજાના પ્રત્યે ન કરવી તે ધર્મ છે અને તે કરવી તે અધર્મ છે. એથીયે વિશેષ આગળ વધીને કોઈ સબળ વ્યક્તિ બીજાને પીડિત કે પરેશાન જુએ અને એને માટે પોતાના ધન, સમય, શક્તિ અને સ્વાર્થનો ત્યાગ કરીને એને સુખ પહોંચાડવા પ્રયત્ન કરે એ પણ ધર્મ છે. આથી જ મહર્ષિ વેદવ્યાસ કહે છે --

"श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा चैवावधार्यताम ।
आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत ॥"

"દરેક ધર્મની સૂક્ષ્મ વ્યાખ્યા સાંભળો અને સાંભળીને ગ્રહણ કરો. જે વાત પોતાના આત્માને પ્રતિકૂળ હોય એને (અધર્મ સમજીને) બીજાઓ પ્રત્યે ન કરો."

આનો અર્થ એ કે આત્મૌપમ્ય (આત્માના સમાનતા)ના ત્રાજવાથી જ ધર્મ અને અધર્મનો તોલ થઈ શકે. આના પર આધાર રાખીને જ મહાપુરુષોએ આત્મ પ્રતિકૂળ એવી હિંસા, અસત્ય, છળ, બેઇમાની, ચોરી, વ્યભિચાર અને સંગ્રહવૃત્તિને અધર્મ કહ્યા છે અને અહિંસા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેવા વિશ્વસુખનું સંવર્ધન કરનારા ગુણોને ધર્મ ગણાવ્યા છે. રાવણે સતી સીતાનું દુરાશયથી હરણ કરીને ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કર્યું આથી એને અધર્મી કહેવામાં આવે છે. જ્યારે સતી સીતાએ અનેક પ્રલોભનો અને ભય વચ્ચે પોતાના શીલને ખંડિત થવા દીધું નહિ એથી એને ધર્માત્મા ગણવામાં આવે છે.

## ધર્માચરણથી ધર્માત્મા

તમને કોઇ પૂછે કે તમે રામ થવા માગો છો કે રાવણ? તો બધા જ એમ કહેશે કે અમે રામ બનવાનું પસંદ કરીએ છીએ. સજ્જનો! જો રામ બનવાનું ઇચ્છતા હો તો તમારા હૃદયમાં બેઠેલા રાવણરૂપી અધર્મને અળગો કરો અને શુદ્ધ ધર્મને હૃદયમંદિરમાં બિરાજમાન કરો. આનું કારણ એ કે તમે એક જ સિંહાસન પર રામ અને રાવણને બેસાડી શકશો નહિ. ગોસ્વામી તુલસીદાસ કહે છે :

" जहां राम तहां काम नही, जहां काम नहीं राम ।
'तुलसी' दोनें ना रहे, राम काम इक ठाम ॥ "

બહારની દુનિયામાં ક્યાંય રામ અને રાવણ નથી. આપણા હૃદયમાં જ એનું ઘમસાણ મચેલું છે. જો રામનો વિજય અને રાવણનો પરાજય ઇચ્છતા હો તો ધર્મનુ આચરણ અને અધર્મનું નિવારણ કરવું પડશે. ધર્મ કોઈ બજારમાં વેચાતો નથી કે ખેતરમાં ઊગતો નથી. આપણા જીવનની પ્રતિ ક્ષણ અને પ્રત્યેક કાર્યમાં એના પ્રાપ્તિ પ્રગટવી જોઇએ. ધર્મની માત્ર જાણકારી રાખવાથી જીવનમાં ધર્મ પ્રગટતો નથી. માત્ર અગ્નિની જાણકારીથી કંઈ આપણી રોટલી શેકાશે નહિ ધર્મને જીવનમાં કાર્યાન્વિત કરવાથી જ આપણો બેડો પાર થઇ શકે. જૈન શાસ્ત્ર કહે છે કે ધર્મનું શુદ્ધ આચરણ કરનાર વ્યક્તિ આ ભવમાં નહિ તો સાત આઠ ભવમાં અવશ્ય મુક્તિ પામશે.

આ અંગે મને એક દૃષ્ટાંતનું સ્મરણ થાય છે. એક શેઠના ઘરમાં અડધી રાતે કેટલાંક ચોર લાગ જોઈને ઘૂસી ગયા. શેઠ ઉંઘતા રહ્યા, પણ ખડખડાટ થતાં શેઠાણીની ઊંઘ ઊડી ગઇ. એણે જોયું કે ઘરમાં ચોર ઘૂસી આવ્યા છે. ભારે ચૂપકીદીથી શેઠને જગાડ્યા અને કહ્યું, "અરે ! ઘરમાં ચોર પેઠા છે."

શેઠ કહે, "હા, મને ખબર છે."

શેઠાણી બોલ્યા, જુઓ, જુઓ, એમણે તો તિજોરી ખોલી નાખી."

શેઠે કહ્યું, "બરાબર, હું એ જાણું છુ."

શેઠાણી બોલી, "અરે ! એમણે તો બધું ધન બહાર કાઢયું."

શેઠ કહે, "મને બધી ખબર છે. મૂગી રહે."

શેઠાણી બોલ્યા, "જુઓ, જુઓ એ તો ધનનું પોટલું બાંધી રહ્યા છે."

શેઠ કહે, "અરે, મને એની પણ ખબર છે."

શેઠાણી બોલ્યા, "ઓહ! હવે તો એ પોટલા ખભે નાખીને ચાલવા લાગ્યા."

શેઠ કહે, "હવે બોલવાનું બંધ કરીશ. મને બધી હકીકતની ખબર છે."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેઠાણી કહે, અરે! એ તો પોટલાં ઉપાડીને અંધારામાં ગાયબ થઇ ગયા. ઊઠો, હવે તો ઊઠો."

શેઠ કહે, "હું બધું જાણું છું."

શેઠાણીથી હવે રહેવાયું નહિ. એણે અકળાઈને કહ્યુ, "ધૂળ પડી તમારા જાણપણામાં. આવું જાણપણું શા કામનું? ચોર બધું ધન લઇ ગયા અને તમે કહે છો કે હું બધું જાણું છું."

"जानुं जानुं करत है, धन को ले गये चोर।
शेठाणी कहे शेठ से, तेरे जानपणे में धूल ॥"

શેઠાણીએ શેઠને જગાડવા પ્રયાસ કર્યો અને શેઠ જાગતા હોવા છતાં ધન બચાવવાનો કોઇ પ્રયાસ કર્યો નહીં. આ રીતે આત્મારૂપી શેઠને સદ્‌બુદ્ધિરૂપા શેઠાણી વારંવાર જગાડે છે. પણ આત્મારૂપી શેઠ બધું જાણતો હોવા છતાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ જેવા ચોરથી ધર્મરૂપી ધનની રક્ષા કરી શક્યો નહિ, તો આવું ધર્મજ્ઞાન શા કામનું? વળી ઘણીવાર એવું બને છે કે નિષ્ક્રિય જ્ઞાન એ અભિમાન, દ્વેષ, ઇર્ષા, કપટ વગેરેને વધારે છે અને અધર્મને નિમંત્રે છે. સાચું ધર્મજ્ઞાન તો આત્મામાં રહેલા દુર્ગુણરૂપી અંધકારને હટાવનારા સૂર્ય જેવું છે અંધકારમાં એવી કોઈ તાકાત નથી કે એ સૂર્યની સામે ટકી શકે. જેના હૃદયમાં ધર્મજ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ પડે તેના, અજ્ઞાન, મોહ, મદ જેવા દુર્ગુણોનું અંધારું તરત જ નાસી જશે વાત એ છે કે ધર્મની તમે ગમે તેટલી વાતો કરો. એના વિશે દુનિયાભરની ચર્ચા કરો અથવા તો ધર્મની સૂક્ષ્મ વ્યાખ્યા કરો તો પણ જ્યાં સુધી અજ્ઞાન, મોહ, સ્વાર્થ આદિનો ત્યાગ અને ધર્મપાલન માટે તપ કે સમભાવપૂર્વક કષ્ટ સહન નહિ કરો ત્યાં સુધી કંઇ નહિ વળે. ધર્મનું જીવનમાં અમલીકરણ નહિ કરવામાં આવે ત્યાં સુધી આપણે કરેલાં દુષ્કર્મોથી મુક્તિ મેળવી શકવાના નથી તેમજ આવી જાણકારી આપણને ઊગારી શકવાની નથી.

"ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुतेऽर्जुन"

"હે અર્જુન! સમ્યક્ જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને ભસ્મ કરી નાખે છે. (ભગવતી સૂત્ર) નામનું જૈનશાસ્ત્ર સાક્ષી પૂરે છે: "कडाण कम्माण न मोक्ख अत्थि" "કરેલ કર્મોનો ક્ષય કર્યા વિના કે એને ભોગવ્યા વિના મુક્તિ શકય નથી, આથી જીવન વ્યવહારમાં શુદ્ધ ધર્મનું આચરણ કરીએ તો જ કર્મક્ષય થાય."

## સર્વમાન્ય અને સર્વોપયોગી

આ પ્રકારના ધર્મનું જે પાલન કરશે, એને એનું ફળ મળશે જ. શુદ્ધ ધર્મ એ કોઇ એક વ્યક્તિનો અધિકાર નથી, પરંતુ સર્વને માટે છે. જે કોઇ ઇચ્છે તે એનું પાલન કરી શકે છે. ચંદ્ર, સૂર્ય, અગ્નિ અને વાદળ સર્વને માટે છે. સર્વના ઘર પર સૂર્ય કે ચંદ્ર સમાન પ્રકાશ નાખે છે. વાદળ સર્વત્ર વરસતા હોય છે. અગ્નિ સહુનુ ભોજન પકાવતો હોય છે. આવી પ્રાકૃતિક વસ્તુઓમાં જેમ કોઇ ભેદભાવ નથી એ જ રીતે શુદ્ધ ધર્મમાં પણ કોઈ ભેદભાવ નથી. ધર્મ પોતાનો પ્રકાશ દરેક વ્યક્તિના હૃદયમાં ફેલાવે છે, પછી તે અભણ હોય કે ભણેલો, બુદ્ધિમાન હોય કે બુદ્ધિહીન, નિર્ધન હોય કે ધનવાન. ખાંડની જેમ એ સર્વ માનવીના જીવનને મધુર બનાવે છે. કોઈ પણ વિશિષ્ટ ધર્મ-સંપ્રદાયનો આવા શુદ્ધ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મની બાબતમાં કોઈ મતભેદ નથી અને તેથી જ આ ધર્મ એ સર્વમાન્ય અને સર્વોપયોગી છે. એથીય વિશેષ સંપત્તિ, સંતતિ, પરિવાર, જમીન, જાગીર કે આ શરીર મૃત્યુ પછી અહીં જ રહે છે. આમાંનું કોઇ પરલોકમાં સાથે આવતું નથી. ધર્મ એક એવો સાચો અને અભિન્ન મિત્ર છે જે પરલોકમાં પણ સાથ આપે છે. શાસ્ત્રકારો કહે છે :

"धनानि भूमौ पशवश्च गोष्ठे, नारी गृहद्वारि जनाः श्मशाने।
देहश्चितायां परलोकमार्गे धर्मानुगो गच्छति जीव एकः ॥"

"પરલોકમાં પ્રાણી માત્ર ધર્મને સાથે લઇને એકલો જાય છે એનું ધન ભૂમિ પર પડયું રહે છે. પશુઓ વાડામાં બંધાયેલા રહે છે. પત્ની ઘરના દરવાજા સુધી આવે છે. સ્નેહીજનો સ્મશાન સુધી સાથ આપે છે અને શરીર માત્ર ચિતા સુધી જ રહે છે."

ધર્મ અત્યંત સરળ અને સર્વસુલભ છે તેમ છતાં મોહનીય કર્મથી ઘેરાયેલો માનવી ધર્મજ્ઞાન હોવા છતાં ખોટે માર્ગે ભટકયા કરે છે દુર્યોધન મોહાંધ થઈને આ જ કહે છે,

"जानामि धर्मं न च मे प्रवृत्तिः, जानाम्यधर्मं न च मे निवृत्तिः ।"

"હું ધર્મને બરાબર જાણું છું પણ એમાં પ્રવૃત્ત થઈ શકતો નથી. હું અધર્મને પણ જાણું છું, પણ એનાથી નિવૃત્ત થઇ શકતો નથી."

દુર્યોધન પાસે એક એકથી ચડિયાતા ઉચ્ચ કોટિના વિદ્વાનો, પંડિતો, રાજનીતિજ્ઞો અને શાસ્ત્રજ્ઞો હતા, પરંતુ એની બુદ્ધિ પર મોહનું આવરણ એવું હતું કે એ જાણતો હોવા છતાં ધર્મમાં પ્રવૃત્ત અને અધર્મથી નિવૃત્તિ લઇ શકતો નહેતો.

જૈનદર્શનમાં ચારિત્ર મોહનીય કર્મના મુખ્યત્વે આ ચાર પ્રકાર બતાવ્યા છે—ક્રોધ, માન, માયા અને લોભ, આ ચારના વળી સોળ ભેદ અને નવ નોકષાય મળીને પચ્ચીસ ભેદ થાય છે. કહે છે કે ઘુવડ દિવસે જોતું નથી અને કાગડો રાત્રિએ જોઇ શકતો નથી, પરંતુ જે ક્રોધ, માન, માયા અને લોભમાં અંધ છે એને ન તો દિવસે કશું દેખાય છે કે ન રાત્રે. એની ધર્મચેતના પર ક્રોધાદિ કષાયોનું એટલું મોટું આવરણ હોય છે કે એને કર્તવ્ય-અકર્તવ્યનું કે ધર્મ અધર્મનું ભાન રહેતું નથી. એના જીવનમાંથી ધર્મપ્રકાશ વિલીન થઇ ગયો હોય છે. જેવી રીતે રતાંધળાને બધું ઊલટું દેખાય છે, એવી જ રીતે કષાયના રતાંધળાપણાથી મનુષ્યને ધર્મથી વિપરીત હોય એવી જ બાબતો સૂઝશે.

ખુદ ભગવાન મહાવીર ત્રિપૃષ્ઠ વાસુદેવના પૂર્વભવમાં આવી જ રીતે કષાયાધીનતાથી દોરાઇને ધર્મપ્રકાશને તિલાંજલિ આપી બેઠા હતા. વાત એવી બની કે એક દિવસ સંગીતની મહેફિલ ચાલતી હતી. ત્રિપૃષ્ઠ વાસુદેવે પોતાના શય્યાપાલકને આદેશ આપ્યો હતો કે ઊંઘથી ઘેરાઇને મારી આંખો બિડાઇ જાય ત્યારે ગાન બંધ કરાવી દેજે રાત જેમ જેમ વધતી હતી એમ ગાયનનો રંગ ઘૂંટાતો જતો. શય્યાપાલક પણ ગાયનના આનંદમાં ડૂબી ગયો અને એથી જ ત્રિપૃષ્ઠ વાસુદેવ નિદ્રાધીન થઇ ગયા હોવા છતાં ગાયન બંધ કરાવવાનું ભૂલી ગયો. એકાએક ત્રિપૃષ્ઠ વાસુદેવ જાગી ગયા અને જોયું તો શય્યાપાલકે હજી સુધી સંગીત બંધ કરાવ્યું નહોતું. બસ, પછી તો પૂછવું જ શું ? તેઓ શય્યાપાલક પર એકદમ ગુસ્સે થઈ ગયા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુસ્સાની આગમાં અભિમાને ઘી હોમ્યું. કશોય વિચાર કર્યા વિના ત્રિપૃષ્ઠ વાસુદેવે એક સેવકને આજ્ઞા આપી કે આ શય્યાપાલકના કાનમાં ધગધગતો સીસાનો રસ રેડો કે જેથી એ જીવન-ભર સંગીત માણી શકે નહિ. રાજસેવકો ઉકળતો સીસાનો રસ લઈ આવ્યા. શય્યાપાલકે વાસુદેવને ઘણી કાકલૂદી કરી, ખૂબ યાચના અને આજીજી કરી તથા ભવિષ્યમાં કદીયે આવી ભૂલ નહિ થાય તેની ખાતરી આપી, પરંતુ અભિમાનથી અંધ અને ક્રોધથી ક્રૂર બનેલા વાસુ-દેવના હૃદયમાંથી ધર્મનો પ્રકાશ પરવારી ગયો હતો. શય્યાપાલકની બધી કાકલૂદી ઠુકરાવી દીધી અને એના કાનમાં ધગધગતો સીસાનો રસ રેડીને એને મોતને ઘાટ ઉતાર્યો. બિચારો શય્યાપાલક તરફડી તરફડીને મરી ગયો.

અધર્મ કે પાપ એ અફીણ જેવું કડવું અને નશીલું છે. ત્રિપૃષ્ઠ વાસુદેવના આ દુષ્કર્મનું પરિણામ એ આવ્યું કે ભગવાન મહાવીરને ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવ પછી કેટલાય ભવ સુધી સંસારમાં ભટકવુ પડયું. જ્યાંથી ધર્મનો પ્રકાશ દૂર થાય છે ત્યાં કર્મનું અંધારું પેસી જાય છે આથી જ ભર્તૃહરિ ચેતવણી આપે છે.

"ब्रह्मा येन कुलालवन्नियमितो ब्रह्माण्डभाण्डोदरे ।
विष्णुर्येन दशावतारगहने क्षिप्तो महासंकटे ॥
रूद्रो येन कपालपाणिपुटके भिक्षाटनं सेवते ।
सूर्यो भ्राम्यति नित्यमेव गगने तस्मै नमः कर्मणे ॥"

"એ કર્મને નમસ્કાર છે કે જેણે ખુદ બ્રહ્માને બ્રહ્માંડની રચના માટે કુંભકાર તરીકે નિયુક્ત કર્યા અને વિષ્ણુને અવતારરૂપી સંકટોના ગાઢ વનમાં નાખી દીધા. મહાદેવજી પણ આ જ કર્મને વશ થઇને ખપ્પર લઈને ભિક્ષા માટે ઘૂમે છે અને સૂર્ય પણ કર્મને કારણે જ પ્રતિદિન આકાશમાં ઘૂમતો રહે છે. આનો અર્થ એટલો જ કે કર્મ—પછી એ શુભ હોય કે અશુભ— એને રોકવાનો, ખપાવવાનો કે સર્વથા નષ્ટ કરવાનો ઉત્તમ ઉપાય શુદ્ધ ધર્મ છે.

## પુણ્ય અને ધર્મનો ભેદ

શુભ કર્મોથી મનુષ્ય પુણ્ય ઉપાર્જન કરી શકે છે અને એના નિમિત્તથી ધર્માચરણના દ્વાર સુધી અનાયાસ પહોંચી જાય છે પરંતુ પુણ્ય કર્મોના સંચયને કારણે આખરે દેવલોક જેવી ગતિઓમાં પરિભ્રમણ તો કરવું પડે છે પુણ્ય અને ધર્મમાં એ ભેદ છે કે પુણ્યનો સીધો સંબંધ શરીર સાથે અથવા તો શરીર સંબંધિત વસ્તુઓ સાથે છે જયારે ધર્મનો સીધો સંબંધ આત્મા સાથે છે. પુણ્યમાં થોડો સ્વાર્થનો અંશ અવશ્ય રહેલો હોય છે. જ્યારે ધર્મમાં પૂર્ણ નિઃસ્વાર્થમયતા છે. એમાં બદલો મેળવવાની કોઇ ભાવના રહેલી હોતી નથી. આ બંનેમાં નીતિમત્તા અને નૈતિકતા અનિવાર્યપણે રહેલા છે. શુદ્ધ નીતિની ઇંટ પર જ પુણ્ય કે ધર્મની ઈમારત રચી શકાય. જો ધર્મલક્ષી નીતિ નહિ હોય તો બધું જ ધરાશાયી થઇ જશે.

## ધર્મના ચાર ચરણ

મહાપુરુષોએ શુદ્ધ ધર્મના ચાર ચરણ બતાવ્યા છે. એના આચરણથી મનુષ્ય અશુભ



For Private And Personal Use Only

કર્મોથી મુક્ત થાય છે. કર્મોને રોકી શકે છે, ઘટાડી શકે છે. અથવા એનો સર્વથા નાશ કરી શકે છે. ધર્મના આ ચાર અંગને આધારે ધર્મની યોગ્ય ઉપાસના થઈ શકે. દાન, શીલ, તપ અને ભાવ–એ ચાર એનાં ચરણ છે.

દાનથી માનવજીવનમાં સ્વાર્થ, લોભ, તૃષ્ણા અને લાલસાનો ત્યાગ થઈ શકે છે, વળી એ માનવહૃદયને કરુણા, પરોપકાર અને અન્ય લોકોના સુખની વૃદ્ધિમાં સહાયતા કરવા પ્રેરણા આપે છે. ખેતી કરતાં અગાઉ જેમ ખેડૂત ધરતીમાં ઊગેલા કાંટા, કાંટાવાળા છોડ, નકામું ઘાસ તથા કાંકરા અને પથ્થરોને ઉખાડીને દૂર ફેંકી દે છે. ધરતીને સાફ કરીને સમતલ બનાવે છે. એ પછી જ ધરતીનાં વવાયેલાં બીજમાંથી સુંદર પાક લણી શકાય છે. આવી રીતે માનવીની હૃદયભૂમિ પર ઊગેલા તૃષ્ણારૂપી ઘાસ, લાલસારૂપી કાંટા, સ્વાર્થરૂપી કાંકરાં અને અહંકારરૂપી પથરાંને ઊખાડીને હૃદયને નમ્ર અને સમરસ બનાવવા માટે દાનની ભાવના એ ઉત્તમ સાધન છે. ધરતીમાં વાવેલા દાનબીજમાંથી ધર્મનો પાક તૈયાર થાય છે. આવી રીતે ધર્મની મર્યાદા પર સ્થિર રહેવા માટે શીલપાલનની આવશ્યકતા છે. આપણી સ્વાર્થપરાયણ તીવ્ર ઈચ્છાઓને રોકીને બીજાને માટે કષ્ટ સહન કરવાની ભાવના રાખવી જોઈએ. તેમજ સંયમના માર્ગે જીવનરથ ચલાવવાને માટે તપશ્ચર્યાની આવશ્યકતા છે. જીવનમાં અશુભ વિગ્રહોને અટકાવીને શુભ, ઉદાત્ત અને વ્યાપક વિચારો અને ઉચ્ચ ભાવનાઓને આત્મસાત્ કરવા માટે ભાવની જરૂર છે.

આનો અર્થ એટલો જ કે ધર્મરથ ચલાવવા માટે દાન, શીલ, તપ અને ભાવ એ ચારેયની અનિવાર્ય આવશ્યકતા છે. આમાંથી એક પણ ન હોય તોય આપણું કામ ન ચલે. જેમ કે દાન ન હોય તો બાકીના ત્રણથી આપણે ઉદારતા કે નમ્રતાને જીવનમાં સાકાર કરી શકતા નથી. શીલ ન હોય તો સમાજમાં સદાચાર સુસ્થિર રહેતો નથી. જો તપ ન હોય તો જીવનપટ પર ચડેલો કર્મમેલ દૂર નહિ થાય. જો વ્યક્તિગત અને સામાજિક જીવનની અશુદ્ધિઓ નિર્મૂળ નહીં થાય, તો માનવીની ઈચ્છાઓ પર પણ સંયમનો અંકુશ આવશે નહિ. ભાવ એ જીવનનું સર્વસ્વ છે. એના અભાવમાં કોઈ પણ કાર્ય ઉદાત્ત, વ્યાપક અથવા તો શુદ્ધ ધર્મથી ઓતપ્રોત રહી શકે નહિ. આ ચારેય અંગો પરસ્પરનાં પૂરક છે. આ ચારે ચરણના પ્રત્યક્ષ આચરણથી પ્રત્યેક માનવી સહજ રીતે જ શુદ્ધ ધર્મની પ્રાપ્તિ કરી શકે છે

બાળકો, યુવાનો, પ્રૌઢો, વૃદ્ધો બહેનો અને માતાઓ – એ બધાને માટે આ ચારેનું આચરણ સુગમ, સુલભ અને સહજ છે. આનાથી આત્મકલ્યાણ અને પરકલ્યાણ થઈ શકે છે તેમજ જીવન મંગલમય બની શકે છે આશા છે કે આ ચાર અંગો ધરાવતા શુદ્ધ ધર્મના પ્રકાશને તમારા જીવનમાં અપનાવશો.

સ્થળ – ગંગા થિયેટર, બીકાનેર. તા. ૫-૧૧-૪૮



# ● નવધા ભક્તિનું સ્વરૂપ

● લે. પૂ. આ. શ્રી કુંદકુંદસૂરિજી મ. સા.

( અનુસંધાન પાના ૧૦૨ નું ચાલુ )

**આ**ત્મા, પરમાત્માના ઉપયોગની વસ્તુ છે, એ આપણે કદિ ભૂલવાનું નથી.

ભક્તિ અને અહંકાર એ બે પરસ્પર વિરોધી વસ્તુઓ છે.

જ્યાં અહંકાર ત્યાં સાચી ભક્તિ નહિ. જ્યાં સાચી ભક્તિ, ત્યાં અહંકાર હોતો નથી. માટે શ્રી જિનશાસનમાં 'નમો' ઉપર અસાધારણ ભાર છે અને પંચ નમસ્કાર એ શ્રી જિનશાસનનો સાર છે.

એટલે સાચો જિનભક્ત પોતાને શ્રી જિનરાજના દાસનો પણ દાસ સમજે અને પોતાના દોષોનું તટસ્થભાવે નિરીક્ષણ કરતો રહીને તેને દૂર કરનારી જિનભક્તિને સેવે.

લઘુતામેં પ્રભુતા વસે એ સૂત્ર તેને અસ્થિમજ્જાવત્ હોય, એટલે તે પાણી જેવો પાતળો હોય, આંખમા આંજવા છતાં ન ખરે તેવા સુરમા જેવો મુલાયમ હોય, મધરાતે કોઈ તેને પૂછે કે તમે કોણ છો? તો તે તરત જવાબ આપે કે શ્રી અરિહંતનો દાસ.

તપ મેં કર્યો, દાન મેં દીધું એ વ્યવહાર નયની ભાષા અને ભાવના, જ્યારે ચિત્ત ઉપર સવાર થઈ જાય છે, ત્યારે શ્રી જિનશાસનના સાર રૂપ નમસ્કાર ભાવનો ભારોભાર અપલાપ થાય છે. તેને જ કૃતઘ્નતા કહે છે.

સાચી ભક્તિના સર્વ મંગળકારી માર્ગે ચઢેલો આત્મા હંમેશા લઘુતા ભાવમાં રહે છે. અને શ્રી જિનરાજને જ આગળ રાખીને પાછળ પાછળ પોતે ચાલે છે, એટલે માસખમણનો તપ કર્યો હોય તો પણ તે એમ કહે છે કે શ્રી જિનેશ્વરદેવની કૃપાના પ્રતાપે આ તપ થયો છે.

કૃપા, કહો, કરુણા કહો, ભાવ દયા એ બધા શબ્દો એકાર્થક છે.

આ કૃપા-તત્ત્વનો ભયાનક ઉપહાસ અહંકાર ભાવ કરે છે,

સરોવરમાં જે સ્થાન જળનું છે. વિશ્વમાં તે સ્થાન શ્રી અરિહંત પરમાત્માની કૃપાનું છે. ઉત્કૃષ્ટ ભાવ દયાનું છે. જો સરોવરમાં જળ ન હોય તો માછલું શું કરી શકે? તેમ જો ત્રિભુવનમાં શ્રી અરિહંત પરમાત્માની ઉત્કૃષ્ટ ભાવ દયાનું શાસન ન હોય તો કોઇ જીવ કશું સારૂં ન જ કરી શકે.

જેની ભક્તિથી આત્મા પોતાની સાચી શક્તિને ઓળખતો થાય છે, તેમજ તેને અપનાવવાની લાયકાત મેળવે છે, તે શ્રી અરિહંત પરમાત્માને કેન્દ્રમાં રાખીને જીવવું એ શ્રી અરિહંતના ભક્તાનું એક લક્ષણ છે.

"અહં"ને કેન્દ્રમાં રાખીને તો સહુ જીવે છે. અને તેથી આત્માનું વારંવાર ભાવ મૃત્યુ થાય છે

પરમ પદનો પ્રવાસી તો શ્રી અરિહંતને જ કેન્દ્રમાં રાખીને પ્રત્યેક ડગલું ભરતો હોય છે.

આપણા જીવનમાં શ્રી અરિહંત કયાં? કેટલામાં નંબરે? તેના ઉપર ગંભીર વિચાર કરતાં એ પ્રતીત થાય છે કે આપણે હજી પણ સંસારના પક્ષકાર છીએ માટે અહંની ભાષામાં વાત કરતાં શરમાતા નથી.

આ અહંને ઓગાળવાની અસીમ શક્તિ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી અરિહંત-ભક્તિમાં છે.

અહીં **हृद्वर्तिनी त्वयि विभो....** વાળી આખી ગાથા લાગુ પડવાથી ભક્તિનો મર્મ સમજાશે.

કલ્યાણ મંદિર સ્તોત્રની આ ૮મી ગાથામાં સાચી જિનભક્તિનો સમુદ્ર ઘુઘવે છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

શ્રી વીતરાગ સ્તોત્રમાં શ્રી વીતરાગ, સર્વજ્ઞ અરિહંત પરમાત્માની સ્તુતિ કરતાં કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી પોતાને પશુથી ય બદતર (क्वाहं पशोरपि पशुः) કહે છે. એ હકીકત સ્પષ્ટપણે કહી રહી છે કે સાચો જિનભક્ત સદા લઘુતામાં રાચે છે.

શ્રી જિનશાસનમાં સર્વે સર્વા શ્રી અરિહંત પરમાત્મા છે એ સત્યને આપણે જેટલો વહેલો સ્વીકાર કરીશું, તેટલો વહેલો આપણો નિસ્તાર થશે.

અને આ શાસનની ખૂબી તો જુઓ! શ્રી અરિહંત પરમાત્મા પોતે "નમો તિત્થસ્સ" બોલીને સમવસરણમાં સિંહાસન ઉપર બિરાજે છે.

જેનાથી ઉપકાર થયો છે, થાય છે તેમ જ થવાનો છે તે શ્રી અરિહંતને પાછળ રાખીએ તો મોટા દેવાદાર બનીએ. તેમ જ અશ્વ પાછળ અને રથ આગળ જેવો અવળો ઘાટ રચાય. એટલે કદિ મુક્તિમાર્ગમાં એક તસુ પણ પ્રગતિ ન જ થાય.

નવધા ભક્તિના અંગભૂત લઘુતા ગુણ, આંતરિક વિનમ્રતાના અર્થમાં છે.

આંતરિક વિનમ્રતા એટલે અહં રહિત અધ્યવસાય.

આ ગુણ જીવનમાં આવે એટલે પોતાની ભૂલનો સ્પષ્ટ એકરાર કરવાની સન્મતિ આવે, પરના ગુણ તરત ગ્રહણ કરવાની શક્તિ આવે. સાચી વિનમ્રતા સાચો નમસ્કારભાવ અંગભૂત બન્યા પછી સમતા ગુણ હસ્તગત થાય.

આ આત્મા સમતાનો સાગર છે એવું શાસ્ત્ર વચન આપણે બોલીએ તેમ જ સાંભળીએ છીએ. પણ તેની પરિણતિ કેટલી? નહિવત્.

એટલે એ નક્કી થયું કે આપણી જિનભક્તિ કાચી છે, મોળી છે.

ભક્તિ પાકે છે એટલે સમતારૂપી રસ તેમાં છૂટે જ છે.

બટકણા વાસણ જેવી સમતા એ સમતા નથી. કે જે નિમિત્તની ઠોકર વાગતાં જ ભાંગીને ભુક્કો થઈ જાય.

જ્યારે શ્રી અરિહંત પરમાત્મામાં અનન્ય પ્રીતિ ભક્તિ જાગે ત્યારે જ સમતા આપણી બને છે. સમતા સાગર આત્મા પોતાના સ્વભાવને પામે છે.

સામાયિકમાં હોઇએ ત્યારે ઘરને આગ લાગ્યાના સમાચાર મળે તો? જો તે વખતે આપણું સામાયિક ન ડહોળાય, આપણો સમતા ભાવ અખંડ રહે. બળે તે ઘર મારું નહિ, એ સત્યમાં આપણી મતિ સ્થિર રહે તો માની શકાય કે આપણે સાચા પ્રભુ ભક્ત છીએ, પ્રભુની પ્રભુતાના આરાધક છીએ, જે આત્માનું નથી તેના આરાધક નથી.

સમતા એ સાચું આત્મધન છે એવું બોલનારા લાખોમાં માંડ બે પાંચ એવા સત્વશાળી પુરૂષો નીકળશે કે જેઓ સ્થૂલ સંપત્તિને જતી કરીને પણ સાચા તે ધનની સારી રીતે રક્ષા કરશે.

સંયોગ અને વિયોગ વચ્ચે એક સરખા પરિણામ તે સમતા, એવો અર્થ પણ થાય છે.

કોઇ નિંદા કરે કે સ્તુતિ, ધન સાથે આવે કે જાય, તેની સાથે આત્માને કોઇ નિસ્બત નથી.

પૈસો વ્યવહારનો પ્રાણ છે એટલે તે જતો રહે છે, તો અમારા પ્રાણ પણ પાણી બહાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફેંકાઇ ગએલા માછલાંની જેમ તરફડવા માંડે છે. એવો જે ખ્યાલ ઘણા માણસો ધરાવે છે. તેનું કારણ-આત્માના સામર્થ્ય વિષેનું તેમનું અજ્ઞાન છે.

તે અજ્ઞાનનું નિવારણ શ્રી જિનભક્તિથી થાય છે, કારણ કે શ્રી જિનભક્તિથી આત્માની શક્તિનો આત્માને સાક્ષાત્કાર થાય છે.

સમતા ગુણવાન આત્માની આંખમાં આત્મા જ રહે છે અટલે તે કોઇ આત્માને દુભવતો નથી દુભવી શકતો નથી. પોતાના ગાલ પર તમાચો મારનાર તરફ પણ તે ક્રોધ કરી શકતો નથી. કારણ કે ક્રોધ તેને માટે પર ભાવ છે. સ્વ-ભાવ નથી.

તાત્પર્ય કે સ્વભાવ સ્થિરતા એ સાચી સમતા છે. અને સ્વભાવમાં સ્થિર એવા શ્રી અરિહંત પરમાત્માને ભજવાથી તેની પ્રાપ્તિ થાય છે.

ચાદર સુતરના તારથી વણાય છે. તેમ સમતા રૂપી ચાદર પણ શુદ્ધ ભક્તિના દોરા વડે વણાય છે. ગાંઠવાળો દોરો વણાટ કામમાં કામ નથી આવતો. તેમ કોઈ પણ ઇચ્છાની ગાંઠ હોય છે, તે ભક્તિ ભવ પાર નથી ઉતરતી.

ચાંદની રાતમાં ચન્દ્ર તરફ ધસતા ચકોરની જમ ભક્તાત્મા પરમાત્માનો પિછો કરે છે, તે તેમ કર્યા સિવાય રહી શકતો નથી. પણ જો મન ચાંદની જેવું ઉજ્જવળ હોય તો સમતાના પરિપાકમાંથી સમરસીભાવ જન્મે છે.

સમરસીભાવ એટલે પરમાત્મા જેવો ભાવ, અર્થાત્ જે ભાવ પરમાત્માને હોય છે, તે જ ભાવ. સાચી ભક્તિ જ્યારે સોળે કળાએ ખીલી ઉઠે છે ત્યારે આવું ભાવ-ઐક્ય સધાય છે.

સરિતા સાગરમાં સમાઇ જાય છે. એટલે સાગરનો સ્વભાવ તેનો સ્વભાવ બને છે. પછી સાગરમાંથી સરિતાને કોઈ અલગ પડી શકતું નથી. તેમ જ સાગરમાં તે સારતા શોધી જડતી નથી. બધે સાગર જ હોય છે.

સરિતા સાગરમાં એકાકાર ત્યારે બની શકે છે, જ્યારે તે પોતાના લઘુ સ્વરૂપનો ત્યાગ કરી શકે છે.

તેમ ભક્ત પણ ભગવાન સ્વરૂપ ત્યારે બની શકે છે જ્યારે તે પોતાના આત્માને પરમાત્માના હવાલે કરી દે છે.

સ્વાત્માનું પરમાત્માને સમર્પણ કરવા માટે સર્વ પ્રકારના દુન્યવી સંબંધોના બંધન તોડી નાખવા પડે છે. પરમાત્માના વિચારમાં દિનરાત વિચરવું પડે છે અને તે વિચારની સીમાથી પર બનવા માટે પરમાત્માની આજ્ઞામાં જીવવું પડે છે.

બહિર્મુખ આત્માને જીવાત્મા કહે છે. અંતર્મુખ આત્માને અંતરાત્મા કહે છે. અંતરાત્માનું જડ કર્મો સાથેનું જોડાણ સદંતર નાશ પામે છે. ત્યારે તે પરમાત્મા બને છે. પછી આત્મા અને પરમાત્મા એમ બે પદાર્થો નથી રહેતા, પણ એક જ પદાર્થ રહે છે.

જડના ચેતન સાથેના સંયોગથી સંસાર છે, તે સંબંધનો નાશ ભક્તિ કરે છે.

તે ભક્તિનું બીજ 'નમો' છે. તેમાંથી મુક્તિરૂપી ફળ નિષ્પન્ન થાય છે.

માટે સંસારને નમવાનું ગમે તેને શ્રી અરિહંત પરમાત્મા ખરેખર ગમે છે તેમ કહી શકાતું નથી.

સંસારમાં રૂચિનું કારણ જડ કર્મો છે. સર્વ કર્મમુક્ત શ્રી અરિહંત પરમાત્માને ઉપયોગ પૂર્વક ભજવાથી તે કર્મોનો સર્વનાશ થાય છે.

ભક્ત શિરોમણિ પૂ. શ્રી યશોવિજયજી ગણિવરે ભક્તિને મુક્તિનું બીજ કહીને બિરદાવી છે, તો અન્ય ભક્તાત્માઓએ ભક્તિને મુક્તિની દૂતી કહીને વખાણી છે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવ વગર મહેનતે સંસારની ભકિત કરી શકે છે જયારે પરમાત્માની ભકિત માટે તેને દિનરાત પુરૂષાર્થ કરવો પડે છે. માટે માનવીને સ્વાર્થી વિચાર સહેજે રહે છે. પારમાર્થિકતા માટે તેને ઝઝુમવું પડે છે.

સર્વથા શુદ્ધ આત્મા સંસારના બંધનોમાંથી મુકત થઈને પરમાત્મા બને છે.

માટે પરમાત્માને જીવનનું જીવન બનાવવું જ પડે છે. અને તેને જ પરમાત્મ ભકિત કહે છે.

જો આહાર મઝાનો લાગે તો માનવું કે સંસાર મજાનો લાગે છે, તપ સારો લાગે તો માનવું કે હવે આત્મામાં પરમાત્મ-રૂચિ જાગી છે. તે જ રીતે દાન-શીલ-તપ આદિમાં જયારે ખરેખરી પ્રીતિ પ્રગટે છે. ત્યારે આત્મા પરમાત્મા બને છે.

આત્માને પરમાત્મા બનાવવાનો શ્રેષ્ઠ પુરૂષાર્થ આદરવો તેમાં માનવ ભવનું યથાર્થ બહુમાન છે.

એવો તે કયો વિદ્યાર્થી હોય કે જે ઊપલી કક્ષામાંથી નીચલી કક્ષાએ ઊતરવાનો પુરૂષાર્થ કરે ? કોઇ વિદ્યાર્થી તેવો પુરૂષાર્થ નથી કરતો.

માટે માનવ ભવનું યથાર્થ મૂલ્ય જેમને સમજાઈ જાય છે, તે મહાન આત્માઓ સર્વોચ્ચ કક્ષાએ પહોંચવાનો સર્વોચ્ચ પુરૂષાર્થ આદરે છે- જેને મોક્ષ પુરૂષાર્થ કહે છે.

બધા પુરૂષાર્થમાં શિરોમણિ-મોક્ષ પુરૂષાર્થ છે. તેનું માધ્યમ ભકિત હોય છે. લક્ષ્ય પરમપદ હોય છે. પાસ થવું તો પહેલા નંબરે જ થવું એવો તેનો મનસુબો હોય છે. અલ્પમાં તે રાચતો નથી .પૂર્ણ સિવાય કશામાં તેને પ્રીતિ હોતી નથી.

આવા મહાન ભકતોને દુનિયાના દીવા કીધા છે.

આત્માની મહાનતા પરમાત્માને ભજીને પરમાત્મા બનવામાં છે.

તેની શરૂઆત પ્રભુનામ શ્રવણરૂપી ભકિતથી થાય છે.

આ ભકિત એમ કહે છે કે પહેલાં તમે તમને ભૂલો તમારા નામના સ્થાને પરમાત્માને મૂકો. હોંશે હોંશે "જય વીયરાય"! બોલો.

જય વીયરાય-એ વીતરાગ સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્માના કીર્તન સ્વરૂપ છે. શ્રી નમુત્થુણં સૂત્રમાં તે કીર્તન પૂર્ણ કળાએ ખીલેલું છે. અને તે બધાનો સાર શ્રી નવકાર છે.

માટે સુતાં-બેસતાં ઉઠતાં શ્રી નવકાર ગણવાનું ફરમાન છે.

અનાદિની કુવાસનાઓનો નાશ બે પાંચ મિનિટની જિનભકિતથી પણ થઇ શકે છે, પણ પછી બાકીનો સમય કોની ભકિતમાં ગાળીએ છીએ!

મતલબ કે પ્રભુના ભકતને પ્રભુભકિત સિવાય બીજી બાબતોમાં રસ ન જ પડે તેવી સ્થિતિ પેદા કરવા માટે પ્રભુ સ્વરૂપના ચિંતનની ખાસ આવશ્યકતા રહે છે.

પરમાત્મા તત્વના ચિંતનનો દઢ સંસ્કાર ચિત્ત પર પડે છે એટલે પૌદ્ગલિક સુખોનો વિચાર તેને માટે બોજારૂપ બને છે. એવો વિચાર કરતાં તે મુર્છિત થઈ જાય છે.

પરમાત્માની વાત સાંભળતાં જેમને પણ થાક લાગે છે, ઝોકા આવે છે, તેઓ હજી ગાઢ નિદ્રામાં છે-એમ જ્ઞાનીઓ કહે છે.

એ મોહ-નિદ્રાનો નાશ નિર્મોહી નાથની ભાવપુર્વકની ભક્તિથી થાય છે.

પરમાત્મામાં રસ વધારવામાં તેમના ઉપકારોનું શ્રવણ-મનન-ચિંતન અગત્યનો ભાગ ભજવે છે.

જે પરમાત્માએ આપણા સહુના આત્માને ઉત્કૃષ્ટ ભાવ આપીને આપણને મુક્તિનો મંગળ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માર્ગ આપ્યો, તે શ્રી અરિહંત પરમાત્માને ઉત્કૃષ્ટ ભાવે ભજવા તેમાં ન્યાય છે, કૃતજ્ઞતા છે, વિવેક છે

શ્રી અરિહંતની ભક્તિમાં અચિંત્ય જે સામર્થ્ય છે તેનો અનુભવ અનન્ય ભાવે તેમને ભજવાથી થાય છે.

શ્રી ભક્તામર સ્તોત્ર, શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર એ તેના દસ્તાવેજી પુરાવા છે.

ભક્તનું સકળ સત્ત્વ જયારે પરમાત્માને પોકારે છે ત્યારે દુન્યવી કોઇ વિઘ્ન ટકી શકતું નથી એટલું જ નહિ પણ મોહની સેના પણ હારી, હતાશ થઇને ત્યાંથી પલાયન થઇ જાય છે.

ભક્તિ એ ઉત્કૃષ્ટ પ્રેમની નિશાની છે.

પ્રેમ આપવામાં માને છે. લેવાની વાત સાથે જ તેનું શરીર મેલું થઈ જાય છે.

ભક્તિનો પ્રાણ ભાવ છે.

ભાવ સિવાય ભવનો નાશ નથી થતો, એટલે સદ્ભક્તો પોતાના શ્વાસનો અર્ઘ્ય ભગવાન અર્પવામાં આનંદ અનુભવે છે શ્રેષ્ઠ, શુદ્ધ દ્રવ્યો વડે ભગવાનની ભક્તિ કરે છે.

સંસારનો રાગ જીવ માત્ર માટે ઘાતક છે. તેનો નાશ શ્રી વીતરાગ જિનેશ્વરદેવને ભજવાથી થાય છે.

અર્થાત જિનભક્તિ જે આપી શકે તે દેવ-દેવેન્દ્ર પણ ન આપી શકે.

માટે કહેવાયું છે કે જિનભક્તથી જે કામ ન થાય તે કોઇ ન કરી શકે.

તો શ્રી જિનને ભજનારા આપણા ચિત્તમાં આજે ખરેખર એ ખુમારી છે જે સાચા જિન-ભકતોમાં હોવી જોઇએ! જે સમ્રાટ સંપ્રતિમાં હતી, જે મહામંત્રી વિમળશાહમાં હતી, જે મહારાજા કુમારપાળમાં હતી, વસ્તુપાલ, તેજ-પાલમાં હતી, પેથડશામાં હતી, જગડુશામાં હતી, મહામંત્રી ઊદયનમાં હતી, સુદર્શન શેઠમાં હતી. મહાશ્રાવક પૂણીઆજીમાં હતી.

કાચો દાણો અગ્નિના તાપથી પાકે છે, તેમ કાચા દાણા જેવા મનને જિનભક્તિની આગ પકવીને પાકું બનાવે છે.

પાકું મન સદા પરમાત્માનું થઇને રહે છે. એ ભક્તિનો પાકો માલ આરોગે છે, ક્ષુદ્ર વિચારોના એંઠવાડને અડતું પણ નથી.

આજે મેં મારૂં મન ભાવથી કોને આપ્યું ? તે પ્રશ્ન દરરોજ રાત્રે સૂતા પહેલાં આપણે આપણી જાતને પૂછવો જોઇએ.

ભક્તિમાર્ગના યાત્રાળુ માટે આ નિયમ ખાસ જરૂરનો છે.

ભગવાનને મન ન આપવું તે મોટો અપરાધ છે. અને મોટા તે અપરાધની સજા પણ એટલી જ ભારે છે.

ભવનું ઘણું ભજન કર્યું. છતાં કોઇ ભલીવાર ન આવ્યો પરાધીનતા ન ટળી. જન્મ મરણના ફેરા ઉભા જ રહ્યા દુઃખના વાદળાં ઘેરાએલાં જ રહ્યા તો હવે ભગવાનનું ભજન ભાવથી શરૂ કરીએ. ભગવાનના ભાવમાં સ્વવ્યક્તિત્વને ઢળી દઇએ, ભગવાનની આજ્ઞામાં નિજ સમગ્રતાને પરોવી દઇએ.

આત્માને પરમાત્મા ભાવશે એ દિવસથી આપણો આત્મ વિકાસ શરૂ થશે. સંસારનો રાગ, સ્વાર્થ પ્રચુરતા, રાગ દ્વેષ, પુદ્ગલાનંદી-પણું વગેરે આત્માના ભાવ શત્રુઓ છે. તેને ભજશું તો ભૂંડા હાલ થશે.

માટે મહાન જિન ભકતોની જિનભક્તિને અનુસરવાનું આપણે પણ તત્કાલ શરૂ કરીએ.

શ્રી જિનને અનુસરે છે તેઓ નિજનાં મટી સર્વના બને છે. તેમને આંગણે મંગલ વર્ષે છે. તેમના સર્વ મનોરથો સિદ્ધ થાય છે.

સર્વથા અજિત એવા શ્રી જિનરાજની ભક્તિ એના અનન્ય ભકતને અજિત બનાવે છે. કર્મ



For Private And Personal Use Only

જેતા બનાવે છે. કારણ કે કાળ-કર્મ પુરુષાર્થ આદિ પાંચે સમવાય કારણોને પકવવાની અસાધારણ શક્તિ શ્રી જિન ભક્તિમાં છે. હૃદયમાં દેવાધિદેવ પધારે પછી કયો પાપાંધકાર ત્યાં ટકી શકે.

જો સુર્યની હાજરીમાં અંધકાર ન ટકી શકતો હોય તો દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્માના સ્વભાવ સાન્નિધ્યમાં પાપ જોર ન કરી શકે તે સ્વાભાવિક છે.

જિનધર્મ પરમ મંગળકારી છે. સર્વ અમંગલ વિનાશક છે. તેની આરાધના જિનભક્તિથી થાય છે. તે ભક્તિના પ્રભાવે જડના ચેતન ઉપરના સ્વામિત્વનો નાશ થાય છે. અને આત્મા ચોકખો થઈને સમભાવમાં નહાય છે.

નવ પ્રકારની આ જિનભક્તિમાં આપણે મન પરોવીએ ? મનની માલિકી શ્રી જનેશ્વરને-સોંપીએ, મનને સર્વ કલ્યાણની ભાવનામાં રાખીએ !

લાખેણા આ માનવભવમાં કરવા જેવું કામ શ્રી જિનભક્તિ કરવી તે છે. તેને જ અગ્રીમતા આપવાનું સત્વ આપણા જીવનમાં પ્રગટ થાઓ !

સંપૂર્ણ

## બદામપુરી

બદામપુરી તો તે જોઈજ હશે ?
એની તાકાત કેટલી ?
લોહી બનાવે....
તાજગી લાવી—
અશક્તિ દૂર કરે !
પણ ક્યારે !
પેટમાં જાય ત્યારે !
પ્રત્યેક ધર્મ ક્રિયા આ બદામપુરી જેવી છે.
વાસનાને તોડે....
કષાયોને ઘટાડે....
સંકલેશોને ખતમ કે અલ્પ કરે....
સંજ્ઞાઓને નામશેષ કરે....
પણ ક્યારે ?
મન એ ધર્મક્રિયાઓમાં ભળે ત્યારે !

પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી
'જિંદગી એક જુગાર' માંથી સાભાર



## સાચું તપ

यत्र रोधः कषायानां ब्रह्मध्यानं जिनस्य च ।
ज्ञातव्यं तत्तपः शुद्धं, अवशिष्ट तु लंघनम् ॥

જે તપમાં કષાયનો રોધ, બ્રહ્મચર્યનું પાલન અને વીતરાગદેવનું ધ્યાન થતું હોય તે જ શુદ્ધ તપ જાણવું, બાકીનું તો સર્વ લંઘન માત્ર જાણવુ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

卐 પર્વાધિરાજ પર્યુષણા પર્વ 卐

પર્યુષણ પર્વ સર્વ પર્વોમાં શ્રેષ્ઠ છે. તે મહા માંગલ્યકારી અને પરમ પવિત્ર છે. આરંભ-સમારંભના વ્યાપારોને છોડી અને પ્રમાદ કથાઓને દેશવટો આપી ધર્મારાધન કરવું જોઈએ. તેમજ કલ્પસૂત્રના શ્રવણ-વાંચનમાં તલ્લીન રહેવું જોઈએ. તોજ પર્યુષણ પર્વનું સાચું ફળ મળી શકે.

આ પર્વ દિવસોમાં પરસ્પર મૈત્રીભાવ રાખવો જોઈએ. પ્રત્યેક ક્ષણે ચિત્તને ધર્મધ્યાનમાં રાખવું જોઈએ. દરેક કામ કરતા જયણા રાખવી જોઈએ. અને શાન્ત મનથી મહાન આદર્શ આત્માઓના ચરિત્ર સાંભળી તે પર મનન કરવું જોઈએ.

આવા પરમ પવિત્ર દિવસોમાં ધર્મપ્રવૃત્તિને બદલે જો પરસ્પર વેર વિરોધ વધારવામાં આવે અથવા વ્યર્થ વાગ્યુદ્ધ કરવાંમાં આવે, તો પર્વારાધનાનું ફળ કેવી રીતે મળે? કહ્યું છે કે "પર્વ દિવસોમાં કલહ-કંકાસથી જે કર્મ બંધાય છે તે અનેક જન્મો સુધી રોતા રોતા પણ છૂટી શકતા નથી."

કલ્પસૂત્રના અન્ત ભાગમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે "**जो उवसमइ तस्स अत्थि आराहणा। जो न उवसमइ तस्स नत्थि आराहणा।**" જે ઉપશમ પામે છે તેને આરાધના થાય છે. જે ઉપશમ પામતો નથી તેને આરાધના થતી નથી.

માટે જૈન ધર્મનું પરમ ધ્યેય જે ઉપશમ છે તેનો જ્યાં સુધી આશ્રય ન લેવામાં આવે ત્યાં સુધી તપ, જપ આદિ ધર્મકાર્યો સારી સફળતા પ્રાપ્ત કરી શકતા નથી. ચિત્તમાં વિવેક અને શ્રદ્ધા બન્નેને સરખું સ્થાન આપીને તથા વેર-વિરોધ વધારનાર દ્વેષના ભાવોથી દૂર રહી પર્યુષણ પર્વની આરાધના કરવી જોઈએ.

## મોક્ષ પ્રાપ્તિ

**बिमेषि यदि संसारात् मोक्षप्राप्तिं च कांक्षसि ।**
**तदेन्द्रियजयं कर्तुं स्फारय स्फारपौरुषम् ॥**

જો તું સંસારથી ભય પામ્યો હોય અને મોક્ષપ્રાપ્તિને ઇચ્છતો હોય તો ઇન્દ્રિયો ઉપર જય મેળવવા માટે પ્રચંડ પુરુષાર્થ કર.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

卐 卐 卐

# ક્ષમા

## સાહિત્યકારોની દૃષ્ટિએ ક્ષમા

न क्रोध उत्पन्न करे कदापि जो
वही क्षमा उत्तम अंग धर्म का
न मान को दे अभिवृद्धि स्वप्न में
प्रशस्त सो मार्दव धर्मशील का

—અનૂપ

क्षमा सोहती भुजंगको,
जिससे पास गरल हो,
उसको क्या जो दंतहीन,
विष रहित विनीत सरल हो.

—દિનકર

क्षमा हृदयका धर्म है. — અજ્ઞેય

ક્ષમા ઉપર મનુષ્યનો અધિકાર છે, તે પશુઓમાં જોવા ન મળે.

—જયશંકર પ્રસાદ

ક્ષમા એ દંડ કરતા વધારે પુરૂષોચિત છે.

—ગાંધીજી

ક્ષમાથી ચઢીયાતો બીજો એવો કોઈ ગુણ નથી કે જેમાં પાપને પુણ્ય બનાવવાની શક્તિ હોય. — જયશંકર પ્રસાદ

क्षमस्याभूषणं क्षमा ।

—ક્ષેમેન્દ્ર

સંકલિત

# ક્ષમાવાણી

जइ किंचि पमाएणं ने सुट्ठु मे
वट्टियं मए पुव्वि
तं मैं खामेमि अहं निस्सलले
निक्कसाओअ ॥

અલ્પ પ્રમાદને વશ થઇને પણ મેં આપના તરફ સારો વર્તાવ ન કર્યો હોય તો હું નિઃશલ્ય અને ક્રોધ રહિત બનીને આપની ક્ષમા યાચના કરૂં છું.

बृहत्कल्पभाष्य ।

जं जं मणेण बद्धं जं जं वायाए
भासियं पावं
जं जं काएण कअं, मिच्छामि
डुक्कडं तस्स ।

જે જે પાપવૃત્તિઓનો મેં મનથી સંકલ્પ કર્યો હોય, જે જે પાપવૃત્તિ મેં મનથી કરી હોય, અને જે જે પાપવૃત્તિ મેં શરીરથી આચરી હોય, નિષ્ફલ હો, મારા ત દુષ્કૃત્ય મિથ્યા હો, તે બદલ હું ક્ષમા યાચું છું.

खामेमि सव्व जीवे सव्वे जीवा
खमन्तु मे ।
मित्ती मे सव्व भूएसु वेरं मज्झं
न केणइ ॥

હું સર્વે જીવોની ક્ષમા યાચું છું. સર્વે જીવો મને ક્ષમા કરે. સર્વ જીવો પ્રત્યે મારો મૈત્રીભાવ છે. મારે કોઇ જીવો સાથે વેરભાવ નથી.

卐 卐 卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંવત્સરીનો મર્મ

ડૉ. શ્રી કુમારપાલ દેસાઇ

પર્યુષણ પર્વની આરાધનાના દિવસોમાં આત્માને ખોજવાની જરૂર છે. કોડી જેવો દેહ અને તેમાં રહેલા મદ, માન, મોહને ભલે ખોઈ નાખીએ પણ લાખેણા આત્માને શોધીએ. આમેય પર્યુષણ એ આત્માને શોધવાનું પર્વ છે ક્ષમાપના એનો સર્વશ્રેષ્ઠ મૂળ મંત્ર છે. વેરના અંધકારમાં, દ્વેષના દાવાનળમાં વિહરતા જીવને માટે આજે આત્મીય પ્રેમને કાજે પ્રાયશ્ચિત્તનું પર્વ ઊગ્યું છે. દીપાવલીના પર્વે નફા તોટાનો હિસાબ કરવામાં આવે. સંવત્સરી પર્વનો અર્થ છે વાર્ષિક પર્વ. આ દિવસે વર્ષભરના સારા નરસાં કાર્યોનું સરવૈયું કાઢીને ખોટા કાર્યોમાંથી મુક્તિ મેળવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ.

આપણા આગમ શાસ્ત્રોમાં ત્રણ વેપારીઓનું એક દૃષ્ટાન્ત આવે છે. ત્રણ વેપારીઓ સરખી મૂડી લઇને વેપાર કરવા નીકળ્યા હતા. દેશ દેશાવરના ઘૂમીને ઘણા દિવસે સહુ પાછા ફર્યા. પહેલો વેપારી મૂળ મૂડીને બમણી કરીને પાછો આવ્યો, બીજો ભાવની મંદીમાં ફસાયો છતાં મૂળ મૂડી સાચવીને પાછો આવ્યો. ત્રીજો વેપારી તો નુકશાનીમાં ડૂબી ગયો. કમાણીની વાત તો દૂર રહી પણ મૂળગી રકમજ ખોઇને આવ્યો.

આ ત્રણ વેપારી જેવા સંસારનાં સર્વ જીવો છે. પહેલા પ્રકારના જીવો મનુષ્યત્વરૂપી મૂળ મૂડીને જાળવે છે, ને ઉપરાંત પૂજ્યતાને પામે છે. મનુષ્યજીવનમાં સદાચાર, શીલને વ્રતપાળી મુક્ત બને છે.

બીજા પ્રકારના જીવો મુક્ત નથી બનતા, પણ મનુષ્યત્વ જાળવી રાખે છે, સાદા આચારો એ પાળે છે.

ત્રીજા પ્રકારના જીવો મનુષ્યત્વ પણ ખોઈ નાખે છે, ને અનાચારી ને દુરાચારી બની નરક ના ભાગી બને છે.

દોષદર્શન અને આંતરખોજનું આ પર્વ છે. આજના દિવસે આપણે જાતને ખોળવાની છે. ભૂલ કોનાથી નથી થતી ? માણસમાત્ર ભૂલને પાત્ર ગણાય છે. આવી ભૂલ કોઈવાર આપમેળે થાય છે, કોઈવાર કમબળ થાય છે, કોઈવાર ગેરસમજથી થાય છે. આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ તોય જીવનના વ્યવહારમાં કલેશ અને કંકાસ થાય છે. આ બધી ભૂલો કર્મની પાટી ઉપર જરૂર અંકિત થશે, પણ એ વજ્રલેપ બને તે પહેલા એ પાટીને કોરી કરવાનો પ્રયત્ન તે ક્ષમાપના છે.

ભગવાન મહાવીરે એમના પૂર્વભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે શૈય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેડયું હતું યુગો વીતી ગયા પછી ભગવાન મહાવીરની સાધનાનું બારમું વર્ષ ચાલતું હતું ત્યારે પૂર્વભવનો શૈય્યાપાલક ગોવાળ તરીકે આવે છે. ભગવાન મહાવીરના બન્ને કાનમાં શૂળ ખોસી દે છે. આ ઘટના બતાવે છે કે વેરનુ ઝેર સમયસર ઉતારવામાં ન આવે તો કેવું દારૂણ પરિણામ આવે ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંવત્સરીપર્વ ની સાચી સિદ્ધિ સ્વ-દોષ દર્શનમાં છે. ડગલે ને પગલે વેરાયેલા રાગદ્વેષના પંક પાર કરી જવામાં છે. ભૂલો પ્રત્યેની જાગૃતિમાં છે. જો માનવી સમયસર પોતાની ભૂલો અને ભોગો પ્રત્યે જાગ્રત ન થાય તો તેની ઘણી ખરાબ દશા થાય છે. એ અસત્યવાદી, વ્યસની, આસક્ત અને હિંસક બની જાય છે.

આમ પર્યુષણના આ દિવસો આંતરખોજના દિવસો છે. માનવી સતત બહાર ભ્રમણ કરતો રહે છે. બહારની દુનિયા જોવી પણ સરળ હોય છે એને માટે નજર હોય તો ચાલે, દૃષ્ટિની જરૂર નથી આપણી ઇન્દ્રિયોનું મૂળ પણ બાહ્યજગત ભણી વિશેષ રહેતું હોય છે. પરંતુ પર્યુષણના દિવસો આત્મનિરીક્ષણના દિવસો છે. વ્યવહારમાં અનેક જીવોને દુભવવાનુ બને છે. એમની તરફ અન્યાય, અનાદર કે અપરાધ થઇ જાય છે. વેર વિરોધ કે વૈમનસ્ય જન્મે છે. આ બધાનો વિચાર કરીને એ ભૂલભરેલા માર્ગથી પાછા વળવાની વાત છે, તેની ક્ષમા માંગવી, એમની સાથેનો વેર અને વિરોધ તજી દેવો, એટલુંજ નહિ પણ એમની સાથે મૈત્રીભાવ કેળવવો એ ક્ષમાપનાનો હેતુ છે.

ક્ષમાપનાના મંત્રમાં ક્ષમા માગવી અને આપવી એમ બન્ને ભાવો સમાયેલા છે. કોઈની ક્ષમા માગતા પહેલા માણસને અહંકારના શિખર ઉપરથી નીચે ઉતરવું પડે છે. જે માંગતા મોટાઇ કે નાનાઇ નડે નહિં એનું નામજ મિચ્છામિ દુક્કડં.

---


# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## પરદેશ અભ્યાસ લોન સ્કોલરશીપ

ઉચ્ચ અભ્યાસની પ્રથમ શ્રેણીની કારકિર્દી ધવારનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા શ્રી મહાવીર જૈન વિદ્યાલય હસ્તકના....

(૧) શ્રી મહાવીર લોન ફંડ.

(૨) શ્રી દેવકરણ મુળજી પરદેશ અભ્યાસ ફંડ.

(૩) શ્રી હરિચંદ અમીચંદ પરદેશ અભ્યાસ ફંડ.

(૪) શ્રીમતી ઇન્દુમતી વૃજલાલ શાહ એજ્યુકેશન ટ્રસ્ટ ફંડ.

આ ફંડમાંથી પૂરક રકમની લોન સ્કોલરશીપ આપવામાં આવે છે. શ્રી દેવકરણ મુળજી પરદેશ અભ્યાસ ફંડનો લાભ સૌરાષ્ટ્રના શ્વેતામ્બર વિશાશ્રીમાળી જૈન વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત છે. જે વિદ્યાથીઓએ ગ્રેજ્યુએશન સુધીના બધી પરીક્ષા પ્રથમ-શ્રેણીમાં પસાર કરી પરદેશની યુનિવર્સીટીમાં પ્રવેશ મેળવ્યો હોય તેણે જ અરજી કરવી. તે માટેનું નિયત અરજીપત્રક રૂા. ૨-૫૦ની ટપાલ-ટિકીટ મોકલવાથી નીચેના સરનામેથી મળશે. આ અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૬મી ઓગષ્ટ છે.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય,** ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ ૪૦૦ ૦૩૬.


---



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આધ્યાત્મિક સંસ્કારો ભૂલીને આજનાં માનવે શું મેળવ્યું !

લેખિકા : કુ. જ્યોતિ પ્રતાપરાય શાહ-ભાવનગર.

સમગ્ર વિશ્વની સંસ્કૃતિઓનાં ઉદ્દ્ગમ અને વિકાસનાં મૂળમાં ત્યાગ, તપ, ધર્મ, સત્ય અને બ્રહ્મચર્યનાં તેજથી વિભૂષિત ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિનાં બીજ પડેલાં છે તેથીજ 'સ્વામી વિવેકાનંદે' કહયું છે, "મારા બહાદૂર બાળકો ! આપણાં આધ્યાત્મિક સંસ્કારોથી તમારું જીવનઘડતર કરજો." આધ્યાત્મિક દૃષ્ટિ એ તો સમાજઘડતરની દાયણ છે. સંસ્કૃતિનાં વિકાસને અવરોધતી વેરઝેર, હિંસા, અનીતિ અને અત્યાચાર જેવી વિકૃતિઓને શુધ્ધ આધ્યાત્મિક દૃષ્ટિ વિના કોણ અટકાવી શકશે ? ફ્રેન્ચ તત્વચિંતક રુસો જણાવે છે, "રાષ્ટ્રનું સાચુ નિર્માણ તલવારની અણી પર નહિ, પરંતુ લોકોનાં આધ્યાત્મિક વલણ પર જ અવલંબે છે." પામરતા અને પશુતાને સ્થાને માનવતાનો મધુર દીપ જલાવવાં માટે આધ્યાત્મિક ચેતના અનિવાર્ય છે, કારણકે આધ્યાત્મિક સંસ્કારો જ જીવનમાં સદ્ગુણો વિકસાવી દુર્ગુણો પર નિયંત્રણ કરી શકે છે. તેથી જ ધર્મ વગરનું જીવન એકડાં વગરનાં મીંડા જેવું છે. એરિસ્ટોટલે પણ જણાવ્યું છે. "ધ્યેયનિષ્ઠ જીવન, કર્તવ્યસભાન દૃષ્ટિ, આત્મજાગૃતિ અને ત્યાગમય જીવન આધ્યાત્મિક સંસ્કારોનીજ નિપજ છે" જૈનધર્મનાં પાયાનાં સિધ્ધાંતો પણ જીવનમાં આધ્યાત્મિક સંસ્કારોનું મહત્વ દર્શાવે છે. ભગવાન મહાવીર, બુધ્ધ, તુલસી અને ગાંધીજી જેવાં શાંતદૂતો આધ્યાત્મિક દૃષ્ટિનાં જ પયગંબરો નથી ? સીતા, સુભદ્રા અને શીલવતી જેવા નારીરત્નો શું એક નૂતન આધ્યાત્મિક દૃષ્ટિકોણ નથી આપી ગયાં ? શ્રીપાળચરિત્ર, ચંદરાજાનો રાસ અને અભયકુમાર કથામાં આધ્યાત્મિક જાગૃતિનો જ પડકાર છે ને ? જૈન ધર્મને ત્રણસો ત્રણસો ગ્રન્થોની ભેટ આપનાર શ્રીયશોવિજયજી મહારાજ, શ્રી હેમચન્દ્રાચાર્ય અને શ્રી વિનયવિજયજી મહારાજનું જીવન આધ્યાત્મિક સંસ્કારોનોજ પુરાવો છે ને ?

આપણાં જૈન ધર્મમાં જ આધ્યાત્મિક સંસ્કારો દ્વારા પોતાનું જીવન ઉજ્જવળ બનાવી અન્યનું જીવન પણ ઉજ્જવળ બની શકે, તેવા અનેક મહાપુરૂષોનાં દાખલાઓ મોજુદ હોવાં છતાં, આજનાં માનવે તેઓનાં જીવનમાંથી શું પ્રેરણા મેળવી ? આપણાં અલૌકિક આધ્યાત્મિક વારસાનું જતન કરવાને બદલે આ પાયાનાં સંસ્કારોને ભૂલી જઈને આજનાં માનવે શું મેળવ્યું ? માનવજીવનનો મૌલિક આનંદ અને સંતોષ આજે કેમ દેખાતો નથી ? માનવજીવન સાથે તાણાવાણાની જેમ વણાય ચૂકેલી પેલી સરળતા, કરૂણા અને પરોપકારવૃત્તિ આજનાં માનવમાં દીવો લઈને ગોતવાં જતાં પણ કેમ જડતી નથી ? શું શાળા કોલેજની ડીગ્રીઓએ સંસ્કારની આ ડીગ્રીને બે કદમ પાછળ હઠાવી છે કે પછી પોતાને આધુનિક સમજનાર આજનાં માનવે પોતે જ પોતાનાં અજ્ઞાન, અહંકાર અને અણઆવડતથી આધ્યાત્મિક સંસ્કારોની અવ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગણુનાં કરી છે? કારણુ ગમે તે હોય પણ નજરસમક્ષ ઉપસી આવેલા આ ભયંકર પરિણામને કારણે આપણે એ કટુસત્યનો સ્વીકાર કરવો જ પડશે કે આજનાં માનવે પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળુ અનુકરણ કરી ભૌતિક સુખો અને પ્રવૃત્તિઓ પાછળની આંધળી દોટમાં ઉચ્ચવિચાર, ધર્મ, સત્સંગ, સાત્વિક આનંદ, કલાસૂઝ, મૌલિકદષ્ટિ અને પ્રાકૃતિક સ્વરૂપ રુપી આધ્યાત્મિક સંસ્કારોની અવગણનાં કરી છે તેનું જ આ પરિણામ હોઇ શકે. આધ્યાત્મિક સંસ્કારો વગરનો માનવ ભૌતિક સુખો વચ્ચે પણ માનસિક અશાંતિ, મૂંઝવણ, વ્યથા, કંટાળો, વિચાર શૂન્યતા અને એકલતાનો ભોગ બન્યો છે. સિધ્ધિના શિખરો સર કરી દોડતી ટ્રેઇનની કારમી ચીસો, મોટર-બસનાં ઘરઘરાટ, લાઉડ સ્પીકરનાં ઘોંઘાટ અને મીલની વ્હીસલો વચ્ચેથી પસાર થતું માનવજીવન જડ, નીરસ, જટિલ, સંકુલ, પોકળ, ચેતનવિહીન કરૂણ બોજારૂપ બનતું જાય છે. આ કુરુપ માનવજીવનને છિન્ન ભિન્ન કરી નાખે તે પહેલા જ આપણે સહુએ જાગૃત બનવાની જરૂર છે. આજનાં યુગનું એક માત્ર શ્રેષ્ઠ કર્તવ્ય નવી પેઢીને આધ્યાત્મિક સંસ્કારોની કેળવણી આપવાનું છે, કારણકે તો જ આપણે નૈતિક મૂલ્યો અને જીવનદષ્ટિ વગર તૂટુ-તૂટુ થતી આપણાં સમાજના ઇમારતને ખંડિયેર બનતી અટકાવી શકીશું.

'ધૂમકેતુનાં' શબ્દોમાં કહીએ તો. "જ્યારે જયારે કોઇપણ રાષ્ટ્ર, સંસ્કૃતિ કે સમાજ વિલાસ, વૈભવ અને રંગરાગમાં ડૂબી, ચારિત્ર્યઘડતર, બાળકોની સાચી કેળવણી અને યૌવનનું ઓજસ પ્રગટાવવામાં નિષ્ફળ ગઈ છે, ત્યારે ત્યારે તે રાષ્ટ્ર, સંસ્કૃતિ કે સમાજનું પતન થાય છે જ" તેની તો ઇતિહાસ પણ સાક્ષી પુરે છે. મહાન સમાજશાસ્ત્રી 'જહોન ડયુઇ' અને 'ડી-ક્વીન્સી,' પણ જણાવે છે, "માણસને તન ટકાવવાં માટે ખોરાકની જેટલી જરૂર છે, તેટલી જ જરૂર મન અને આત્માને ટકાવવા માટે આધ્યાત્મિક સંસ્કારોની છે" પરંતુ મનની ભાવના અને આત્માની જાગૃતિ જ જો મરી પરવાર્યા હોય, તો તે તનનું અસ્તિત્વ કેટલું? તે સમાજનું ભાવિ શું? તેવાં રાષ્ટ્રની અસ્મિતા ક્યાં સુધી? અમે વીસમી સદીનાં બાળકો, યુવાનો-યુવતીઓ સ્વીકારીએ છીએ કે અમે આધ્યાત્મિક કેળવણીથી વંચિત રહી ગયા છીએ. અમે આધ્યાત્મિક રૂચિ જાગૃત કરવાની દરકાર જ નથી કરી, અને અમારા વડીલો પણ અમને આધ્યાત્મિક સંસ્કારો આપવામાં નિષ્ફળ ગયાં છે. તેથી જ પોતાના વાળ પણ ઓળતાં આવડતાં ન હોય તેવા બાળકનાં મુખેથી અશ્લિલ ચલચિત્રોનાં ગીતોની ધારાઓ વહે છે. અશ્લિલ સાહિત્ય, કુસંગ અને વ્યસનોમાં ચકચૂર બનેલી યુવાપેઢીએ કૌલગર્લ્સ, પ્લેબોય અને પ્રોબ્લેમ ચાઇલ્ડના સમસ્યાઓ ઊભી કરી છે. સમાજનાં કલંકસમાં વૃદ્ધાશ્રમો. અનાથઆશ્રમો અને વિકાસગૃહોની વધતી જતી સંખ્યા સામે, 'સમાજ છે એવું તો ચાલ્યાં જ કરે' એમ કહી ઠંડે કલેજે જીવવાની વિચારશૂન્યતા સહુને સદી ગઇ છે. નવી પેઢીમાં આધ્યાત્મિક કેળવણી આપવાનાં આ કલ્યાણકાર્યમાં જો ઢીલ કરવામાં આવશે તો, ભાવિ માનવજીવન હૃદય વગરનાં હાડપિંજર જેવુ શુષ્ક અને યંત્રવત્ બની જવાનો પુરેપુરો સંભવ છે. આ વિષમ પરિસ્થિતિ પર નિયંત્રણ કરવાં માટે જ આપણી શાળાઓને નવજીવન આપી અનુભવી શિક્ષકો ગોઠવી, બાળકોને શાળા તરફ વાળવાનાં આ યશમય કાર્યમાં સહુએ સાથ અને સહકાર આપવાની પુરેપુરી જરૂર છે.

સાંપ્રત યુગમાં આધ્યાત્મિક ક્રાન્તિ દ્વારા નૈતિક મૂલ્યોનું અવમૂલ્યન થતું અટકાવવાં માટે નવી-પેઢી અને જુની પેઢી બન્ને પક્ષોને જાગૃત બનવાની જરૂર છે, કારણકે આધ્યાત્મિક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસ્કારો કે સમજણ નવી પેઢીને આપોઆપ મળી જવાના નથી. અવેડામાં પાણી ત્યારે જ આવી શકે જ્યારે કૂવામાં પાણી હોય! મધુર કેરીનાં રસનો આસ્વાદ ત્યારે જ માણી શકાય. જ્યારે કોઇએ આંબો રોપ્યો હોય. અમને આધ્યાત્મિક સંસ્કારો આપવામાં નિષ્ફળ ગયેલાં વડીલો નવીપેઢીને આધ્યાત્મિક કેળવણી આપવાની પોતાની જવાબદારી જો વહેલામાં વહેલી તકે સમજે, સાથોસાથ કેળવણી મેળવનાર નવીપેઢી પણ ફેશન, મોજશોખ અને શાળાકીય શિક્ષણમાંથી સમય મેળવી, વડીલોની વાત સ્વીકારી આધ્યાત્મિક રૂચિ જાગૃત કરવાનો પ્રયત્ન કરે તો જ ધાર્મિક સંસ્કારો મેળવી શકાય!

જીવનમાં આધ્યાત્મિક જાગૃતિ કેવી હોવી જોઇએ? તે સમજાવવા માટે 'સ્વ. આનન્દશંકર ધ્રુવે' એક સુંદર દૃષ્ટાન્ત આપ્યું છે એક મોચી પાસે એક બાળક ચંપલ સંધાવવા આવે છે. માસુમ બાળકના પગ સામે જોઈ મોચી વિચારે છે કે બરછટ ચામડાથી જો ચંપલ સાંધીશ તો તે બાળકનાં પગમા ખૂંચશે, પરિણામે તેણે સુંવાળા ચામડા દ્વારા બાળકનાં ચંપલ રીપેર કર્યા. જે આધ્યાત્મિકતા માનવમાં દયા, મમતા, પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ અને માનવતા જાગૃત કરી શકે તે જ સાચી ધાર્મિક કેળવણી છે. જેનાં દ્વારા માનવીને પોતાનાં દુર્ગુણોનું દર્શન થાય અને સત્ય માટે ઝઝુમવાની ખુમારી પ્રાપ્ત થાય. 'રવીન્દ્રનાથ ટાગોરે' 'નૈવેદ્ય' પુસ્તકમાં વર્ણવેલી આધ્યાત્મિક દૃષ્ટિ કે જે જીંદગીનો આનંદ ગુમાવી બેઠેલાને પણ નવજીવનની આશા આપે

કેવળ દંભથી કે પ્રતિષ્ઠા માટે આચરવામાં આવતી દુષિત આધ્યાત્મિકતા ન હોય તો જ ઉત્તમ! જે કેળવણી માણસને દરેક પ્રવૃત્તિ કરતાં પહેલાં વિચારતાં શીખવે કે મારી આ પ્રવૃત્તિ અન્યનાં હિતનાં ભોગે તો નથી થતી ને? મારા આ કાર્યથી કોઇનાં આત્માનો સંતોષ છીનવાતો નથી ને? મારા આ વર્તનથી મારો પ્રભુ તો પ્રસન્ન રહેશે ને? આ છે આધ્યાત્મિક જાગૃતિની પાયાની કેળવણી? આ અભિગમનાં સહારે જ આજનાં ભાન ભૂલેલાં માનવે 'જાગ્યા ત્યાંથી સવાર' સમજી આધ્યાત્મિક રૂચિ જાગૃત કરવાનો પ્રયત્ન કરવાનો છે. નમ્રતા, સંયમ, અને સાધના દ્વારા ઉદ્ધતાઇ, લાપરવાહી અને દુષિત માનસનો ત્યાગ કરી જીવનમાં સહજ રીતે આચરણમાં મૂકી શકાય તેવી વિશુદ્ધ આધ્યાત્મિક રૂચિ કેળવી, ચારિત્ર્ય ઘડતર દ્વારા નૈતિક મૂલ્યો અને આધ્યાત્મિક વારસાનું જતન કરવાનું છે. આ કાર્ય મુશ્કેલ હોવાં છતાં જો વડીલો અમને યોગ્ય કેળવણી આપે, સમાજમાં નૈતિક મૂલ્યોનું આચરણ કરી શકાય તેવી વૈચારિક ક્રાન્તિ ઉભી થાય અને તેને જો યુવાજાગૃતિ અને પરિશ્રમનો સંયોગ મળે તો પછી કાળા માથાનાં માનવી માટે દુનિયામાં શું મેળવવું અશક્ય છે?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • ધર્મલાભ

લે. પૂ. મુનિશ્રી ધર્મદેવજવિજયજી કૃષ્ણનગર, ભાવનગર.

વિશ્વના આત્માઓ ઉન્નતિ ઇચ્છે છે. ઉન્નતિમાં સુખ સમાયું છે એમ જગત્ માને છે. સુખની કલ્પના અનેકવિધ છે, એટલે જે આત્માએ જેમાં સુખ કલ્પ્યું છે તેની જેટલે અંશે સિદ્ધિ થાય તેટલે અંશે તે પોતાની ઉન્નતિ થઈ શકે એમ માને છે અને તે માટેના ઉપાયો તરફ તે હંમેશા ઉત્સુક રહે છે.

અનેકવિધ સુખનો એક સામાન્ય ઉપાય સંત પુરુષોનો આશીર્વાદ પ્રસિદ્ધ છે. તે આશીર્વાદ મેળવવા માટે દુનિયા કેટલીક વખત કેવી દોડધામ કરે છે તે દેખીતી વાત છે. સંતપુરુષોના આશીર્વાદમાં પણ વૈવિધ્ય છે. તેમાંનો એક પ્રકાર 'ધર્મલાભ' છે.

આ 'ધર્મલાભ'નો આશીર્વાદ તરીકે ઉપયોગ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક મુનિઓ કરે છે. આશીર્વાદ તરીકે આ પ્રકારનો આશ્રય લેવામાં નીચેના કારણો છે.

જૈન મુનિઓએ સાંસારિક પ્રવૃત્તિનો સર્વથા ત્યાગ કર્યો હોય છે, તેઓ સંસારને વધારે એવી પ્રવૃત્તિઓ કરતા નથી, કરાવતા નથી અને કરતા હોય એને સારા સમજતા નથી.

કોઈ આત્મા સંપત્તિથી સુખી હોય પણ તેને સન્તતિ ન હોય તે સંતપુરૂષ પાસે સન્તતિની અભિલાષાથી જાય, સંત તેને તેવા પ્રકારનો આશીર્વાદ આપે ને તે આત્માને સન્તતિ થાય. પણ આવા આશીર્વાદને જૈન ધર્મ સાંસારિક પ્રવૃત્તિમાં ગણે છે એટલે એ પ્રકારનો આશીર્વાદ આપવો એ જૈન મુનિઓને નિષિદ્ધ છે અબ્રહ્મના સેવન વગર સંતતિ ન થાય એ સ્પષ્ટ છે. થયેલ સતતિના આચરણો ધર્મ્ય કેટલે અંશે થશે એ શંકાસ્પદ છે. એટલે એ આશીર્વાદથી સંસાર વૃદ્ધિ થાય છે

આનન્દઘનજી જૈન મુનિ હતા. તેમનો એક પ્રસંગ છે. કોઇ રાજાને સંતતિ ન હતી અને આનન્દઘનજીના આશીર્વાદ મને મળે તો કામ થઈ જાય એવી તેમની કલ્પના હતી. રાજા-રાણીએ તેમની પાસે એવા આશીર્વાદની યાચના કરી. આનન્દઘનજીએ અમના અતિ આગ્રહથી એક ચિઠ્ઠી લખી આપી તે બાંધવાથી રાણીને સંતતિ થઇ અને એ વાત પણ પ્રસિદ્ધિ પામી. જ્યારે આનન્દઘનજીને આ હકીકત પુછવામાં આવી ત્યારે પ્રસંગ પામી અન્ય આત્માઓ તેમનું અનુકરણ કરીને અનર્થ ન કરે તે માટે તેમણે તે ચીઠ્ઠી મંગાવી તો તેમાં લખ્યું હતું કે 'રાજા કી રાણીકો લડકા હોવે તો આનંદઘનકો કયા ઓર ન હોવે તો ભી આનદઘનકો કયા ?

પૈસા માટે અનેક આત્માઓ અનેકના આશીર્વાદને ઝંખે છે ધન એ અનર્થનું મૂળ છે એ પ્રસિદ્ધ છે, પૈસા પાપનું મૂળ છે એ ઉક્તિ વિદિત છે એટલે તે આશીર્વાદ પણ જૈન મુનિઓ ન આપે.

આયુષ્યના વધારાને લગતા આશીર્વાદો 'દીર્ઘાયુર્ભવ' ચિરંજીવ' 'મૃત્યુંજય' 'નિરોગી ભવ' – ઇત્યાદિ પણ સાંસારિક જીવોને માટે સાંસારિક પ્રવૃત્તિઓ વધારે છે એટલે તે આશીર્વાદ સર્વ આશીર્વાદો પણ જૈન મુનિઓથી ન અપાય. (અનુસંધાન પાના ૧૫૭ ઉપર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "સંસ્કાર સિંચન"

પોતે અને પોતાના પરિવારમાં, સંતાનોમાં સંસ્કારોના સુમેળથી જીવન આદર્શ કેમ બને, સુગંધમય બને અને તેથી જીવનમાં શાંતિ–સુખ –પ્રસન્ન દામ્પત્ય બને તે હેતુથી એક પિતા પોતાની પુંત્રીને પત્ર લખે છે કે

**ચિ. બહેન રૂપલ,**

તું શ્વસુરગૃહે કુશળ હોઇશ. તારા પરિવારમાં સર્વ સ્વજનો પૂ. મોટાબા. પૂ. પપ્પાજી, પૂ.મમ્મી, ચિં. પ્રેમલ તથા નાના દિયરજી નિલેષ સર્વને પ્રભુસ્મરણ સહ યાદી. વિશેષ જણાવવાનું કે સૌરાષ્ટ્રના એક જુના ચિંતનશીલ સજ્જન લેખક શ્રી સુશીલનું બહેનોને અનુલક્ષીને લખેલ ખૂબજ સુંદર વિચારો રજુ કરતું પુસ્તક 'ઘરની લક્ષ્મી' મારા હાથમાં આવ્યું. તેને અવલોકતા ખૂબજ પ્રસન્નતા થઇ. આપણા જીવનમાં આપણે ખેવના રાખી તેમને દર્શાવેલ સુંદર ગુણોને જીવનમાં બને તેટલા આચરણમાં મુકવા પ્રયત્નશીલ થઇએ તો જીવન ખરેખર ખુબ જ આદર્શ, આવકારભર્યું અને સૌરભમય બને. તો તેમાંથી એક એક પ્રકરણ સામાન્ય ફેરફાર સાથે જણાવું છું. તે જરૂર ચિંતન કરજે અને તે અંગે તારા વિચારો પણ જણાવીશ તો મને વિશેષ આનંદ થશે

## સ્ત્રી કેળવણીનો ઉદ્દેશ

પુત્રને પરણાવવો અને પુત્રવધૂને ઘરનો કારભાર સોંપવો એ દરેક માત પિતાને મન એક પ્રકારનો સંસારનો લ્હાવો ગણાય છે. પુત્ર કમાતો થાય યા ન થાય, પણ વહુ સાસુ-સસરાનો અને સગા-સબંધીઓનો કરભાર ઉપાડી લે તો એમને ઘણો સંતોષ થાય અને નિશ્ચિંત પણે ધર્મકરણી કરી શકે એ દેખીતી વાત છે. ઘરમાં વહુ આવે એટલે માતા પિતા પોતાને કૃતકૃત્ય માને છે, એની ખાતર પોતાની વ્હાલામાં વ્હાલી સંપત્તિનો પણ ભારે ભોગ આપે છે. પુત્રને પરણાવવા ખાતરજ માબાપ જીવે છે એમ કહીએ તો પણ કંઇ ખોટું નથી. એ જો કે એક સાંસારિક વાસના છે તો પણ માતા-પિતાના અંતરમાં ઊંડા ઉતરીને તપાસીએ તો ધર્મીમાં ધર્મી ગણાતા મા-બાપના દિલમાં પણ એ પ્રકારનો આશાદીપક જરૂર પ્રકાશતો હશે.

પુંત્ર વધૂનું આગમન, પુંત્રનાં લગ્ન એ આપણા સંસાર ગ્રંથમાં એક નવું જ પ્રકરણ ઊઘાડે છે એ પ્રકરણ પણ કેટલા ઉલ્લાસ અને આનંદ સાથે શરૂ થાય છે! ઘણા મા-બાપ તો પોતાની પાસેની છેલ્લી પાઇ ખરચી નાખે છે, શક્તિનું છેલ્લું રહ્યું સહ્યું ટીપું પણ નીચોવે છે. લગ્નનાં ગીતો અને વાજીંત્રોના મંગલસૂરમાં સંસારના આજ સુધીનાં સંતાપ જાણેકે સમાઇ જતાં હોય એમ એમને લાગે છે.

મા-બાપનાં મનોરથ એ વખતે સફળ બને છે. વૃધ્ધ અવસ્થામાં પુત્ર અને પુત્રવધૂ સો સો પ્રકારની સેવા શુશ્રુષા કરશે અને પાછલી જીંદગી સુધરી જશે એવી આશાથી એમનાં હૃદય પ્રફુલ્લ બને છે. સાસુ, સસરાની જેમ નણંદ, દીયર, જેઠ, જેઠાણીનાં અંતરમાં પણ એ વખતે આનંદની લહેરો છૂટે છે.

પરંતુ કોઈ કોઇ કુટુંબોમાં જોઇએ તો થોડા દિવસમાં જ એ સ્વપ્નસૃષ્ટિ ઊડી જાય છે. કોઈ મોટી મહેલાત તૂટી પડી હોય અને ખંડિયેરમાં જીવતા માણસે દબાઇ ગયા હોય એવું કરૂણ દ્રશ્ય ખડું થાય છે ઘણા સ્થળે લગ્નની પછી જે કલેશ કંકાસની હોળી સળગે છે તેની જવાળા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિકટનાં સગા-સંબંધીએને પણ સ્પર્શે છે. આશાનો પ્રકાશ આથમે છે અને એને સ્થાને અંધકાર છવાય છે વીજળીના ક્ષણિક ચમકારની જેમ લગ્નના લ્હાવાનો બધો આનંદ ઊડી જાય છે, કલ્પનાએ સર્જેલું સુંદર ચિત્ર એકાએક માટીમાં મળી જાય છે. આર્ય સંસારના માનવીએ એવા તે શાં પાપ કર્યા હશે કે આવા શ્રાપ ઊતરતા હશે?

પુત્રના માતા-પિતાએ પુત્રના લગ્ન વખતે રાખેલી આશા ઉડી જાય છે. "હવે ઘરનો બધો કારભાર પુત્ર અને પુત્રવધૂ ઉપાડી લેશે અને આપણો વખત ધર્મકાર્યમાં દેવ ગુરુની ભક્તિમાં વીતશે, હવે સુખેથી દેવદર્શન, ધર્મક્રિયા, તીર્થયાત્રા કરશું." એ પ્રકારના એમના મનોરથ બળીને રાખ થઇ જાય છે. એને બદલે સાસુ અને વહુ, માતા અને પુત્ર. પિતા અને પુત્ર વચ્ચે એક અણધાર્યો અને જેનો અંત જ ન આવે એવો ઝઘડો ઊભો થાય છે. એ ઝઘડો એમનાં લોહી અને માંસ ચૂસે છે એટલું જ નહી પણ કહેવતમાં કહ્યું છે તેમ ગોળાના પાણી પણ સૂકાય છે.

આ દુર્દશાના મૂળ કારણની તપાસ કરીએ તો કેવળ કેળવણીનો જ અભાવ; એ સિવાય બીજું કોઈ કારણ નહીં કળાય. કન્યાને એના માતા પિતાને ત્યા ગૃહ-વ્યવહાર સંબંધી પૂરતી કેળવણી મળતી હોય અથવા તો પતિને ત્યાં આવ્યા પછી એવા પ્રકારના સંસ્કારો મળતા હોય તો આજના જેવી દુ:ખમય, કલેશમય સ્થિતિ ઉભી થવા ન પામે

કોઇ પૂછશે કે હવે તો કન્યાઓને કેળવવાના ખૂબખૂબ પ્રયત્નો થાય છે. છતાં એવી દુર્દશા કેમ જોવામાં આવે છે? કેળવાયેલી કન્યાઓ પણ પોતાના સાસરે સૌથી જુદી પડી ગયેલી હોય એમ કાં દેખાય છે?

આ પ્રશ્નનો સંતોષકારક નીકાલ આણવો હોય તો સ્ત્રીઓની કેળવણી એટલે શું? એ આપણે વિચારવું પડશે! લખતા-વાંચતા આવડ્યું એટલે કેળવણી પૂરી થઇ એમ આપણામાંના કેટલાકો માની લે છે કાગળપત્ર લખવામાં, બે-ચાર પુસ્તકો ગોખવામાં કે પરીક્ષાઓ પસાર કરવામાં જ કે ડીગ્રીઓ લેવામાં બધી કેળવણી સમાઈ જતી નથી. આ કેળવણીનો અર્થ તો એ છે કે જેથી બહેનોને પોતાના કર્તવ્યનું ભાન થાય. પોતાનો ધર્મ, પોતાની ફરજ સમજાય અને એને અનુસરીને પોતાના આચરણમાં પણ એ સંસ્કારનો પ્રકાશ સૌને બતાવી શકાય.

પરીક્ષાઓ પાસ કરવાથી કે થોડા ગ્રન્થોના પઠન-પાઠનથી એક કન્યા ભલે પોતાને સુશિક્ષિતા કહેવડાવી શકે. પણ આર્યસન્નારીને જે ગૃહલક્ષ્મી નામથી ઓળખાવવામા આવે છે એ પદ તો ભાગ્યેજ મેળવી શકે. આપણામાં કહેવત છે કે જ્યારે આંબાનું વૃક્ષ ફળ ધારણ કરે છે ત્યારે તે આમ્રવૃક્ષ ઉંચે જવાને બદલે ઉલટું નીચું નમે છે સાચી કેળવણી માણસને નમ્ર બનાવે છે. વિનય, નમ્રતા, સંયમ, સેવાભાવ એ સાચી કેળવણીના સૂચક ચિહ્નો છે. અભિમાન મદ, નિર્લજ્જતા એ બધાં અપૂર્ણતાનાં લક્ષણો છે માણસને સંપૂર્ણ બનાવે તો જ કેળવણીની સાર્થકતા થઈ ગણાય. ઘણી બહેનો, દીકરીઓ પોતે લીધેલ કેળવણી અને માબાપ તરફથી મેળવેલ સંસ્કારના વારસાથી શ્વસુરગૃહે આવ્યા પછી ત્યાં પોતાના સદ્ગુણો વિનય, નમ્રતા, સંયમ અને સેવાભાવથી કુટુંબમાં તથા ચોતરફ સુવાસ પ્રસરાવે છે. સહુને તેનાં સુંદર ગુણોની પ્રતીતિ થાય છે. ગૃહવ્યવસ્થા સુંદર રીતે સંભાળીને કુટુંબના સહુ સભ્યોને પ્રસન્નતા આપે છે. અને સાચી ગૃહલક્ષ્મી આર્યસન્નારી બને છે.

તો બીજી બાજુ કેટલીકવાર એ પ્રકારની કેળવણી જ ગૃહસંસારના માર્ગમા કંટક પાથરે છે પોતાને કેળવાયેલી માનતી કન્યા જ્યારે અભિમાની બને છે ત્યારે તે આખા સમાજમા કણાની જેમ ખૂંચે છે. આપણા સમાજ આદર્શ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્ત્રી વાંચ્છે છે એને બદલે જ્યારે તે પશ્ચિમના કારખાનામાં તૈયાર થયેલી પશ્ચિમના રીતરિવાજનું આંધળું અનુકરણ કરનારી નારી જુએ છે ત્યારે તેમને અનહદ દુઃખ થાય છે. કેળવણીના અભિમાનવાળી પોતાના સિવાય બીજા બધાને મૂર્ખ માનનારી તે કન્યા સાસરામાં જેવો જોઇએ તેવો સત્કાર મેળવી શકતી નથી. સગા-સંબંધીઓની વચમાં સારૂં સ્થાન મેળવી શકતી નથી. ઘરનાં માણસોને મન એ એક મોટી ન સમજાય તેવી ઉપાધિરૂપ બની રહે છે.

કેળવણી પોતે ખરાબ નથી પણ એનો દુરૂપયોગ બહુ માઠાં પરિણામ નીપજાવે છે. કેળવણી જ્યારે સ્વચ્છંદને પોષે, નીતિના નિયમોને પણ તિલાંજલી આપે ત્યારે એ કેળવણી સખત નિંદાને પાત્ર બને.

કેટલીકવાર જેને સારી કેળવાયેલી કન્યા કહી શકીએ, જેના માતા-પિતા પાસેથી ધર્મના ને નીતિના સારા સંસ્કાર પ્રાપ્ત કર્યા હોય એવી કન્યાને પણ સાસરે આવ્યા પછી આકરી કસોટીમાંથી પસાર થવુ પડે છે. એ ગમે તેવી વિનયશીલ, નમ્ર અને સહનશીલ હોય તો પણ તેને અપજશ મળે છે. એવી વેળાએ તે સંસ્કારી દીકરી બીજા કોઈના દોષ કાઢવાને બદલે પોતાના પ્રારબ્ધનો દોષ નિહાળે છે અને કર્મના ફળ તો ભોગવવાં જ પડે એમ માની પોતે શાંતિ અને સમતા રાખી, ધીરજ રાખી નવાં કર્મ બાંધતી નથી દરેક વધૂને દરેક સ્થળે સાસુ, સસરા કે કુટુંબીજનો વિગેરેનો પુરો સંતોષ જ મળે એમ નથી બનતું. મનુષ્ય સ્વભાવ બહુ વિચિત્ર વસ્તુ છે. નવવધૂને જુદા જુદા સગાં-સંબંધીઓના જુદા જુદા પ્રકારના સ્વભાવને લીધે ઘણું સહન કરવું પડે છે, પરંતુ એવા પ્રસંગે સંસ્કારી-કેળવાયેલી બાળા પોતાની શાંતિ અને ધીરજને કસોટીએ ચડાવે છે અને એ કસોટીમાં પોતાને શુદ્ધ કંચનરૂપે પૂરવાર કરે છે.

પુસ્તકોના વાંચન કે અધ્યયનથી બધી ઉપયોગી અને સાચી કેળવણી મળી જાય એ અસંભવિત છે. ગૃહ વ્યવસ્થા, કોમળતા, મધુરતા, સેવાભાવ એ નારી-સહજ ગુણો છે એ ગુણો ઉપરજ કુટુંબ-પરિવાર નભે છે. એ ગુણો જ ભાવિ સંતતિને પણ આદર્શ બનાવે છે. બહેનો બુદ્ધિનો વિકાસ બીજી રીતે ભલે ગમે એટલો સાધે પણ જો તેનામાં ઘરની વ્યવસ્થા જાળવવાનો ગુણ ન હોય, મધુર સ્વભાવ વડે આપ્તજનોને આનંદ તથા શાંતિ પમાડવાની આવડત ન હોય તો બુદ્ધિમતી સ્ત્રી ઘરને પણ સ્મશાન જેવું બનાવી દે છે.

હવે પછીના પ્રકરણમાં બહેનોએ ખાસ કરીને કયા કયા ગુણો કેળવવા જોઇએ અને કયા કયા નાના નાના દુર્ગુણોનો પણ ત્યાગ કરવો જોઇએ તે સંક્ષેપમાં જોઈશું.

[ક્રમશ]

# 'ચિંતન-મધુ'

## —; વિકાસ યાત્રા કે સ્મશાન યાત્રા :—

માનવી બુદ્ધિશાળી છે એની ના નહિ, પરંતુ એ બુદ્ધિશાળી હોય એટલે એનામાં ડહાપણ હોય જ એવુ માની લેવાની ભૂલ કરવા જેવી નથી. એનો બૌદ્ધિક વિકાસ થવાની સાથેજ એના 'માનવીપણા'એ મૃત્યુની સોડ તાણી હોય અને આપણે બધાં ડાઘુઓ એની સ્મશાનયાત્રામાં જોડાયાં હોઇએ એવું લાગે છે. છતાં એ સ્મશાનયાત્રાને આપણે વિકાસયાત્રા તરીકે ઓળખાવીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • જ્ઞાનદૃષ્ટિ

• રતિલાલ માણેકચંદ શાહ–નડીઆદ

આપણને અનાદિ કાળથી દેહાધ્યાસમાં રાચવાની આદત પડી ગઇ છે. જે અત્યારે પણ ચાલુજ છે જેથી આત્મા અને શરીર એક જ ભાસે છે, જે, કેવળ ભ્રમણા છે, વિભાવદશા છે, અજ્ઞાનતા છે, અંધકાર છે, જડ અને ચેતન બન્ને ભિન્ન વસ્તુ છે. આત્મા ચેતન છે અને શરીર તે જડ છે, બન્નેના ગુણો પણ અલગ અલગ છે પછી બન્ને એક કેમ હોઇ શકે? આત્મા અખંડ આનંદ જ્ઞાન–સુખમય છે ત્યારે શરીર તે જડ છે. બન્ને સંયોગે મળેલ છે જેથી ભ્રાંતિથી આપણે શરીરને હું માની લઈએ છીએ અને આત્માને ભૂલી જઇએ છીએ. માટે ભ્રાંતિને દૂર કરવાની અત્યંત જરૂર છે માનવ જીવનમાં જો કાંઈ કરવા જેવું હોય તો તે એ છે કે નિરતિશય (આત્માનો) આનંદ લૂંટવો. પરંતુ આપણે તેમ ન કરતાં ચોવીસે કલાક ઇંદ્રિયજન્ય સુખોમાં રાચતા હોઈએ છીએ; જેથી આત્મા યાદ જ આવતો નથી. ખરેખર તો વિષય–કષાયોથી અલિપ્ત થઇ આત્મામાં ઠરવા જેવું છે, જેથી અતીન્દ્રિ આનંદનો અનુભવ થાય છે.

શરીર પ્રત્યેના અહંથી વિષય કષાયોને આપણે મિત્ર માની આવકારીએ છીએ. પરંતુ તે તો દુશ્મનનું કામ કરે છે; જે વિષયો આપણે હસતા હસતા ભોગવીએ છીએ, તે અનંતાભવો સુધી રડતા રડતા (કર્મો) ભોગવીએ છીએ. તે એટલા ચીકણા હોય છે કે જલ્દી તેનો અંત આવતો નથી તે નિઃશંક હકીકત છે. વિષય-કષાયો આપણે આધીન હોવા જોઈએ, તે ને બદલે આપણે તેના ગુલામ બની જઇએ છીએ આ પણ એક આશ્ચર્ય જ છે ને? તેનું કારણ વિભાવદશા છે

આપણે જો વિભાવદશામાંથી સ્વભાવ દશા તરફ દૃષ્ટિ દઈએ તો જ દેહાધ્યાસ છૂટે તેમ છે; દેહાધ્યાસથી છૂટીએ તો દેહ પરની મમતા ટળે, અને એમ નિષ્કર્ષ કરી શકીએ કે દેહ તે હું નહિ પણ હું એટલે આત્મા. શરીરથી આત્મા ભિન્ન છે એમ નક્કી કરી શકીએ તેથી ચોવીસે કલાક શરીર પર મમત્વ કરી તેની આળપંપાળ પાછળ આપણે જે સમય વેડફીએ છીએ અને અનેક કર્મો ઉપાર્જન કરીએ છીએ તેનો અંત આવે અને તે સમય સ્વસ્વરુપની અનુભૂતિ કરવા પાછળ વાપરી શકીએ, જેથી આત્માનો ઉત્કર્ષ સધાય છે. પણ આજે આપણે અવળી દિશા તરફ વહી રહ્યા છીએ; આત્માને ભૂલીને શરીરને હું માનવા મચી પડયા છીએ, કારણ કે આત્મા અરૂપી છે જે દેખાતો નથી (ચર્મ-ચક્ષુથી) જ્ઞાન દૃષ્ટિ હોય તો જ તે નિહાળી શકાય છે જે મૂડી આપણી પાસે છે નહિ એટલે આપણી દૃષ્ટિએ તો શરીરજ પડયા કરે છે એટલે તેને પોષવા માટે મોહ, માન, માયા, લોભ, અહં આદિ આચરીએ છીએ અને ઇંદ્રિય જનિત સુખો પાછળ પાગલ બની ભમીએ છીએ જે માનેલું ક્ષણિક સુખ આપી અનંતા દુઃખોનું પ્રદાન કરે છે.

શરીર પ્રત્યે અહં ઉભો થવાથી માણસ રાગદ્વેષમાં ફસાય છે. આ અજ્ઞાન જનિત ભ્રાંતિ છે તે ભ્રાંતિથી અલિપ્ત થવું અત્યંત આવશ્યક છે. એક સમયે ભગવાન મહાવીરને ગૌતમ ગણધર પૂછી રહ્યા હતા કે, હે ભગવંત! અહં પર વિજય મેળવવાથી આત્માને શું લાભ થાય? ત્યારે પ્રભુએ કહ્યું હતું કે, આત્મા જ્યારે માનનો

(અનુસંધાન ટાઇટલ ૩ ઉપર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસ્થા સમાચાર

## "અમર ઉપાધ્યાયજી" પુસ્તકની લેખિત પરીક્ષા

પરમ પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ત્રિશતાબ્દી વર્ષ નિમિત્તે શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી અમરઉપાધ્યાયજી" પુસ્તકની લેખિત પરીક્ષા સંવત ૨૦૪૩ના અશાડ શુદ ૯ ને રવિવાર તા. ૫-૭-૮૭ના રોજ સભાના હોલમાં લેવામાં આવેલ હતી. તેમાં ૨૯ બહેનો અને ૮ ભાઈઓ બેઠા હતા. પરીક્ષા બહુજ શાન્તિથી લેવામાં આવી હતી. પરીક્ષા દરમિયાન આવેલ ભાઈઓ અને બહેનોનો ખૂબ જ સુંદર સહકાર હતો, પરીક્ષા હોલમાં ખરેખર આદર્શ વાતાવરણ હતું.

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયપ્રિયંકરસૂરીશ્વરજી મહારાજ સાહેબની તારક નિશ્રામાં શ્રી જૈન આત્માનંદ સભા તરફથી પ. પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબની ત્રિશતાબ્દી વર્ષ નિમિત્તે એક ગુણાનુવાદ સભા સંવત ૨૦૪૩ના શ્રાવણ સુદ સાતમને રવિવાર તા. ૨-૮-૮૭ના રોજ દાદાસાહેબ ઉપાશ્રયમાં સવારના ૮-૪૫ કલાકે યોજવામાં આવેલ હતી. સભાના પ્રમુખ શ્રી હીરાલાલભાઈએ પ્રાસંગિક વિવેચન કર્યું હતું. ત્યારબાદ પ. પૂ. ગણિવર્ય શ્રી પુષ્પચંદ્રવિજયજી મહારાજ સાહેબે, પ. પૂ. ગણિવર્ય શ્રી ધર્મધ્વજવિજયજી મહારાજ સાહેબે, પ. પૂ. મુનિશ્રી નંદીષેણવિજયજી મહારાજ સાહેબે પ્રવચનો આપ્યા હતા. પૂ. મુનિશ્રી પ્રકાશચંદ્રવિજયજી મહારાજ સાહેબે ત્રીશતાબ્દી ગીત ગાયું હતું.

પહેલા નંબરે આવનારને રૂા. ૧૦૧, બીજાને રૂા. ૭૧, ત્રીજાને રૂા ૫૧, ૪ થી ૯ સુધીનાને રૂા. ૨૧, અને ૧૦થી ૧૮ સુધીનાને રૂા. ૧૫, અને ૧૯ થી ૩૭ સુધીનાને રૂા. ૧૧ના ઇનામો સભા તરફથી શ્રી ભા. જૈન શ્વે. મૂ. તપા સંઘના પ્રમુખ શેઠશ્રી રમણીકલાલ શાહના વરદ હસ્તે આપવામાં આવ્યા હતા. કુલ રૂા. છસો ત્રણના ઈનામો આપવામાં આવ્યા હતા. શ્રી કાન્તીલાલ જે. દોશીએ આભાર વિધિ કરી હતી.

## શિષ્યવૃત્તિ

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી આ વર્ષે શ્રી જૈન શ્વે. મૂ. તપા સંઘના કોલેજમાં ભણતા જરૂરીયાતવાળા વિદ્યાર્થી ભાઇઓને કુલ રૂા. ૨૧૫૦ની શિષ્યવૃત્તિઓ આપવામાં આવેલ છે

(અનુસંધાન પાના ૧૫૨ નું ચાલુ)

'જાવ બચ્ચા સુખી હો' 'અચ્છા કલ્યાણ કરો' બેટા, 'ઇશ્વર તેરા ભલા કરેગા,' 'ભગવાન જા તમારૂં ભલુ કરે' વગેરે આશીર્વાદોના પ્રકારોમાં સાંસારિક ભાવ સમાયા છે એ આશીર્વાદને માટે વિચારક આત્માને સમજાય એવી વાત છે-

ધર્મલાભ આશીર્વાદ એવો છે કે વિશ્વનાં સર્વસુખો આપવાનું એમાં સામર્થ્ય છે ને તે પણ એવી રીતે કે જેથી કોઇ અનર્થ ન થાય. ધર્મથી મળતાં સાંસારિક સુખો આત્માને અનર્થ અને આસક્તિ કરાવ્યા વગર ઉન્નતિ-ઉત્તરોત્તર આત્મવિકાસ અપાવે છે. આત્મવિકાસની કેડી પર નિર્ભયપણે પ્રગતિ કરાવે છે માટે વિવેક પુરસ્સર અપાયેલ આશિર્વાદ અવશ્ય આપવો અને તે અવશ્ય ફળસુધી જીવને ગમન કરાવે છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## 'અમર ઉપાધ્યાયજી' પરીક્ષાના પ્રથમ ત્રણ ઈનામ વિજેતા

| | | માર્કસ | ઈનામ રૂા. |
|---|---|---|---|
| ૧ | શાહ જ્યોતિબેન પ્રતાપરાય | ૯૦ | ૧૦૧ |
| ૨ | શાહ ઉષાબેન મહેન્દ્રકુમાર | ૮૮ | ૭૧ |
| ૩ | શાહ રંજનબેન નગીનદાસ | ૮૩ | ૫૧ |

## ગાંધીડેલા ઉપાશ્રયે સાધ્વીશ્રીઓની માસક્ષમણની તપશ્ચર્યા

અત્રે ગાંધીડેલાના ઉપાશ્રયે પૂ. આચાર્ય વલ્લભસૂરીના સંપ્રદાયના આજ્ઞાવર્તિની સાધ્વીશ્રી સુમિતાશ્રીજીના પ્રશિષ્યા શ્રી સુહિતાશ્રીજી તથા શ્રી સુપ્રેક્ષ શ્રીજીએ માસખમણની તપશ્ચર્યા નિવિઘ્ને પૂર્ણ કરેલ છે, તપસ્વી સાધ્વીજીઓ સુખશાતામાં છે. તે પ્રસંગે શ્રી જેન્તીલાલ ચત્રભુજ પરિવાર તરફથી પંચાન્હિકા મહોત્સવ કરી ધામધૂમથી આ પ્રસંગ ઉજવેલ.

## ચાતુર્માસ પ્રવેશ

શ્રી શીનોર (નર્મદાતટ માં અશાડ સુદ ૫ ના રોજ સવારે ૮-૪૫ મીનીટે પ. પૂ. આચાર્ય દેવશ્રી વિજયવલ્લભ સૂરિશ્વરજીના શિષ્ય શ્રી આ. જીનેન્દ્રસૂરિશ્વરજીના શિષ્ય રત્ન ૧૦૮ શ્રી આનંદવિજયજી આદી ઠાણા ૩ ચાતુર્માસ માટે પધાર્યા. માંગલિક તથા પ્રવચન બાદ શેઠ મંગળદાસ ન. શાહ તરફથી દરેક ભાઈ-બ્હેનોની ભક્તિ સંઘ પૂજન કર્યું હતું. આ અતિ પ્રાચીન સીનોર નગરીમાં ઘણોજ ઉત્સાહ દરેક જૈન ભાઇ બ્હેનોમાં હતો.

## નૂતન તીર્થે-નૂતન જૈન પાઠશાળા

અમરેલી (સ્ટે ઉન્નાણ) માં સં. ૨૦૦૩ના અશાડ સુદ ૨ ને રવીવારે પાઠશાળાના વિદ્યાર્થીઓની વકતૃત્વ હરિફાઈ રાખેલ તેમાં ૧૧ ભાઈ-બ્હેનોએ ભાગ લીધેલ તે દરેકને રૂા. ૩૦) ત્રીસ ઇનામ તથા ૧ થી ૩ નંબરને વધારામાં કટાસણું ૧+૧ તથા ધાર્મિક શિક્ષક હેમંત ટી. સીનોરવાળાને રૂા. ૧૦૧+૧૧ ભેટ અપેલ અને રૂા. ૨૦૦૦ નું ફંડ પણ થયેલું. ઉત્સાહ અને ઉમંગથી બાળકો પાઠશાળાએ નિયમીત આવે ને સંખ્યા વધે છે. પાઠશાળા શરૂ થયે હજી તો એક માસજ થસે.

## ૨૩મી ગીષ્મકાલીન સંસ્કાર અધ્યયન સત્ર—કન્યાશિબિર

પૂજ્ય સાધ્વીજી નિર્મળાશ્રીજી મહારાજ (M. A. સાહિત્ય રત્ન) જૈન યુવા મહિલાઓમાં ધર્મ સંસ્કારોનું બીજારોપણ કરવા ગીષ્મકાલીન સંસ્કાર અધ્યયન સત્ર (કન્યા શિબિર) નું આયોજન ૨૨ વર્ષથી કરે છે.

કોલેજિયન કન્યાઓનું જીવન ધર્મમય, શીલમય અને ઉજ્જવળ બને તે માટે સને ૧૯૬૬માં અમદાવાદ ખાતે કન્યા શિબિરનો પ્રારંભ કરનાર પૂ. સાધ્વીજી નિર્મળાશ્રીજી મહારાજ (૫૬ વર્ષનો દીક્ષા પર્યાય છે) આ વર્ષમાં સૌ પ્રથમવાર મુંબઇ પધાર્યા અને મરીન લાઈન્સ મધ્યે આવેલી શ્રી શકુંતલા જૈન ગર્લ્સ હાઈસ્કુલના નયન રમ્ય વાતાવરણમાં તા. ૩-૫-૮૭ થી ૧૭ ૫-૮૭ સુધી ૧૫ દિવસ માટે રેસીડેન્શીયલ ટાઇપની પૂરા દિવસની ૨૩મી કન્યાશિબિર રાખેલ હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ શિબિરનો પ્રારંભ ઉદ્યોગપતિ શ્રી પ્રતાપભાઈ ભોગીલાલના પ્રમુખસ્થાને સમાજરત્ન શ્રી જે. આર. શાહે દીપકની જ્યોત પ્રગટાવીને કર્યો. ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજી-ભાઈ દેશાઈ પધારેલા અને એમણે નારી જાગૃતિની આ વિરલ પ્રવૃતિનું તથા સાધ્વીજીની શક્તિનુ અભિવાદન કર્યું હતું.

કન્યા શિબિરમાં પૂ. સાધ્વીજીએ માનવતાના સદ્‌ગુણો, જીવવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, ભક્ષ્યાભક્ષ્ય પેયાપેય તેમજ બહેનોને લગતા ઘણા વિષયોની સમજ આપી હતી. સત્રમાં સંગીત હરિફાઇ તથા નંદાવ્રત હરિફાઈ યોજવામાં આવી હતી. તેમજ બસ દ્વારા શિબિરાર્થી બહેનોને વાલકેશ્વર, ભાયખલા, ચેમ્બુર અને ઘાટકોપરના દેરાસરોના દર્શન પૂજા કરાવવા-યાત્રા પ્રવાસ યોજેલ હતો. શિબિર દરમીયાન અનેક વિદ્વાનોના પ્રવચનો થયા હતા. અને પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજીએ પધારી આશીર્વાદ સાથે બોધ આપ્યો હતો.

સમારોહમાં શિબિરાર્થીઓને સારા પારિતોષિકો આપવામાં આવ્યા હતા.

# નવમો જૈન સાહિત્ય સમારોહ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે સ્વ. આચાર્ય ભગવંત શ્રી વિજયકુંદકુંદસૂરીશ્વરજી મહારાજ પ્રેરિત વડાલીઆ સિંહણના શાહ નાંગપાર રાયમલ ચેરિટેબલ ટ્રસ્ટના નિમંત્રણથી નવમો જૈન સાહિત્ય સમારોહ આગામી નવેમ્બર માસમાં વડાલીઆ સિંહણ (તા. જામખંભાળીયા જિ. જામનગર) માં યોજવાનું નક્કી થયેલું છે. આ સમારોહનો સવિગત કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

આ સમારોહ માટે જૈન તત્ત્વજ્ઞાન. સાહિત્ય, ઇતિહાસ, કલા વગેરે વિષયો પરના નિબંધો શ્રી મહાવીર જૈન વિદ્યાલય. ઓગસ્ટ ક્રાંતિ માર્ગ મુંબઇ-૪૦૦૦૩૬ના સરનામે તા. ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭ સુધીમાં મોકલી આપવા માટે વિદ્વાનોને વિનંતી કરવામાં આવે છે.

# શ્રી આત્મ-વલ્લભ-શીલ-સૌરભ ટ્રસ્ટ

યુગવીર પૂ. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પૂ. સાધ્વીજી શ્રી શીલવતીશ્રીજી મહારાજના જીવનકાર્ય, જીવન-સાધના અને ગુરૂભક્તિની સ્મૃતિમાં આત્મ-વલ્લભ શીલ સૌરભ-ટ્રસ્ટ દ્વારા પૂ. સાધ્વીજી મહારાજના અભ્યાસ માટે અને અર્ધમાગધી, પ્રાકૃતનો અભ્યાસ કરતી બહેનોને આર્થિક સહાય આપવામાં આવે છે.

કોલેજમાં અભ્યાસ કરતી જૈન વિદ્યાર્થિની જેમણે અર્ધમાગધી અને પ્રાકૃત વિષયો લીધેલા છે અને આર્થિક સહાયની જરૂર છે તેમણે નિયત અરજીપત્રક કાર્યાલયેથી મંગાવી તારીખ ૧૬મીઓગસ્ટ સુધીમાં ભરી મોકલવું.

સરનામું :-

શ્રી આત્મ વલ્લભ-શીલ સૌરભ ટ્રસ્ટ,

C/o. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ-૪૦૦૦૩૬.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ-૪૦૦૦૩૬

સને ૧૯૮૭માં લેવ યેલ મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યની એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવનાર અને કોલેજમાં વધુ અભ્યાસ ચાલુ રાખનાર જૈન શ્વેતામ્બર મૂર્તિ-પૂજક વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને નીચે મુજબ પારિતોષિક આપવામાં આવે છે.

**(૧) શ્રીમતી લીલાવતી ભોળાભાઇ મોહનલાલ ઝવેરી પારિતોષિક**

(કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરનાર માત્ર વિદ્યાર્થિનીઓ માટે)

**(૨) શ્રીમતી ચંપાબેન ભવાનભાઇ મહેતા પારિતોષિક**

(કોલેજમાં **સાયન્સ** લાઇનમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થિની માટે)

**(૩) શ્રીમતી લીલાબેન ડાહ્યાભાઇ મહેતા (પાલનપુરવાળા) પારિતોષિક**

(કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થિની માટે)

આ અંગે સંસ્થામાંથી નિયત અરજીપત્રકો મંગાવી ૧૬ ઓગસ્ટ ૧૯૮૭ સુધીમાં સંપૂર્ણ વિગત સાથે ભરી મોકલવા જરૂરી છે.

# અભ્યાસ અંગે લોન સહાય

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને એન્જીનિયરીંગ, આર્કિટેકચર, ડાકતરી, ચાર્ટર્ડ એકાઉન્ટન્સી તથા કોસ્ટ એકાઉન્ટન્સી, બિઝનેશ મેનેજમેન્ટ, લલિતકળા, જૈન ધર્મના ઉચ્ચ અભ્યાસ માટે, ડિગ્રી અભ્યાસ માટે ધોરણ ૧૨ની પરીક્ષા પસાર કર્યા પછી અને ડિપ્લોમાના અભ્યાસ માટે એસ.એસ.સી પરીક્ષા પસાર કર્યા પછી ટ્રસ્ટના નિયમાનુસાર લોન-રૂપે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મ શતાબ્દિ શિક્ષણ ટ્રસ્ટ તરફથી સહાય આપવામાં આવે છે, તે માટેનું નિયત અરજીપત્રક રૂા. ૨—૫૦ મ.ઓ. દ્વારા અથવા ટપાલટિકીટ મોકલવાથી નીચેના સરનામેથી મળશે અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦મી જુલાઇ છે,

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી
જન્મશતાબ્દિ શિક્ષણ ટ્રસ્ટ
C/o. શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઓગસ્ટ ક્રાંતિ માર્ગ
મુંબઈ ૪૦૦૦૩૬

---

—: ખાસ નોંધ :—

અનિવાર્ય કારણોસર 'જૈન કથા લેખન સ્પર્ધા બંધ રાખવામાં આવેલ છે.

— તંત્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વવાડીનું પુષ્પ મહાવીર

મહાવીર જેવી અલૌકિક હસ્તિને ભારતની સીમમાં સમાવવી શકય ખરી? બધા ભેદભાવો, બધાં બંધનો, બધી સિમાઓ અને સમયની ક્ષિતિજો ખરી પડે પછી જે રહી જાય તે છે મહાવીર તેઓ આપણા દેશમાં થઈ ગયા એવું ગૌરવ લેવાનો હક પણ આપણને ત્યારે જ પ્રાપ્ત થાય જ્યારે એમને સમજવા મથીએ આપણને તો સદીઓથી મહામાનવોને ભગવાન, તીર્થંકર, મહાત્મા કે પ્રભુના અવતાર ગણ્યાં પછી એમના ઉપદેશોનો જીવનમાં વિનિયોગ કરવામાંથી છટકી જવાની ટેવ પડી છે જીવનમાં ઝાઝી ખલેલ ન પહોંચે એટલા માટે તીર્થંકરોને મંદિરોમાં આસનસ્થ કરીને આપણે નિરાંત ભોગવીએ છીએ. અપરિગ્રહની મૂર્તિસમા મહાવીરનો જયજયકાર કરતાં રહીને પરિગ્રહ વધારતાં જ રહીએ છીએ! આપણી પલાયનવૃતિ (ESCAPISM) સંગેમરમરથી મઢેલા ભવ્ય દેરાસરોનાં પગથિયાં ઘસતી રહે છે; પરંતુ જીવનશુદ્ધિ તો દૂર ને દૂર રહી જાય છે જીવનભર આપણે આપણી જાતને છેતરતાં રહીએ છીએ. મહાવીર એટલે આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ખીલેલું વિશ્વવાડીનું એક મઘમઘતું માનવપુષ્પ; એક એવું પુષ્પ જેની મહેંક આજેય વિશ્વમાં વ્યાપી રહે છે.

—ગુણવંત શાહ

(મહામાનવ મહાવીર'માંથી)

સંકલન : શ્રી બળવંતરાય પી. મહેતા

---

(અનુસંધાન ૧૫૬નું ચાલુ)

(અહંમનો) ભાર ઉતારી ફેંકી દે છે ત્યારે તેને કેટલો મહાન લાભ મળે છે; આ લાભ ભૌતિક પદાર્થો જેવા કે સુવર્ણ, ચાંદી, હીરા, માણેક, મોતી આદિનો નથી પરંતુ આત્માની ઉજ્વલતાનો છે; આજનો માનવી ભૌતિક સુખો પછવાડે પાગલ બની એવો લાગી ગયો છે કે, તેને આત્મા જે ભગવાન તુલ્યછે (મૂળ ગુણોથી) અને પોતાની ભીતરમાંજ રહેલો છે તેને ભૂલી જાય છે, અહીં ગૌતમ ગણધર એજ પ્રશ્ન પ્રભુને પૂછી રહ્યા છે. તે ભૌતિક સુખો માટે નથી, આત્મિક સૌંદર્ય નિજગુણ પ્રાપ્તિનો છે. હે ગૌતમ! માન ઉપર વિજય પ્રાપ્ત કરનાર, આત્માની સરળતાનો આવિષ્કાર કરી શકે છે.

ક્રોધ અને માન એ મોહનીય કર્મની પ્રકૃત્તિઓ છે; આઠ કર્મોમાં મોહનીય કર્મ બળવાન છે તેજ સંસારરૂપી મહેલના સ્થંભ રૂપ છે. અર્થાત તેજ સંસાર સાગરમાં ડુબકીઓ ખવડાનાર નિમિત્તરૂપ છે, તેની સ્થિતિ પણ પ્રત્યેક કર્મ કરતાં સવિશેષ છે. જેમકે એક ઝાડ મૂળમાંથી ઉખડી ગયું હોય અને તેના ડાળી, પાંદડા વિગેરે લીલા હોય છતાં તેને સૂકાતા ઝાઝો સમય નહીં લાગે. પરંતુ તેજ ઝાડ તેનું મૂળ કાયમ રાખી ઉપર ઉપરથી કાપ્યા કરીએ, તો કોઈ સમયે તે વૃક્ષ પુનઃ નવ પલ્લવિત બનવાનું, તે રીતે મોહનીય કર્મ સિવાય બીજાં પ્રત્યેક કર્મો મંદ પડે છે, છતાં પણ સંસારમાં આવન-જાવન કરવું પડે છે પણ જેનું મોહનીય કર્મ વિલીન થઇ ગયું છે; તેના બાકીના કર્મો કદાચ બળવાન હોય તો પણ મૂળમાંથી ઉખડેલા વૃક્ષની જેમ / તેના પાંદડા સૂકાઇ જાય છે તેમ બીજા કર્મો પણ લુપ્ત થઇ જાય છે. આ કારણેજ છઠ્ઠા ગુણસ્થાનકે મોહનીય કર્મ જર્જરિત થઈ જાય છે; તેને સર્વ વિરતી કહેવામાં આવે છે, અને મોહનીય કર્મની અનંતાનુબંધી કષાયની ચોકડી તથા ત્રણ દર્શન મોહનીય એ સાત પ્રકૃત્તિનો સર્વથા ક્ષય કરે ત્યારે તેને ક્ષાયિક સમક્તિ કહેવાય, સાતે પ્રકૃત્તિનો કાંઇક ઉપશમ અને કાંઈક ક્ષય કરે ત્યારે તેને ક્ષાંયોપશમિક સમકિત કહેવાય છે, આ બન્ને સમકિતમાંથી કોઇ પણ સમકિતની દશા પામી ઉદયમાં આવેલી વૃત્તિ એને સમભાવ પૂર્વક વેદે ત્યારે કર્મો વિલીન થાય છે. અને કર્મો વિલીન થતાં પૂર્ણતાએ પહોંચાય છે, માટે જો કાંઇ આ જીવનમાં કરવા જેવું હોય તો આજ કરવા જેવું છે બાકી તો પશુઓ પણ જન્મે છે અને મરે છે તો તેનામાં અને આપણામાં ફેર શો? આટલું વિચારીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash] [Regd. No. G. BV. 31.

# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧ ૯ ૮૭ થી નીચે મુજબ રહેશે. *

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૫૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૫૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૮૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલીભુક્તિ પ્રકરણ મૂળ | ૨૫-૦૦ |
| જિનદત્ત આખ્યાન | ૧૫-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૨૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૫૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૪૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૫-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૩૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૪૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૨૫ ૦૦ |
| ,, ,, ભાગ ૨ | ૪૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૫-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંકઃ પાકું બાઈન્ડીંગ | ૧૦-૦૦ |
| ધર્મબિંદુ | ૧૫-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૮-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૧-૦૦ |
| સુક્ત મુક્તાવલી | ૧-૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૨-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૨-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૨-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૫-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૫ ૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૨-૦૦ |
| નવપદજીની પૂજા | ૫-૦૦ |
| ગુરુભક્તિ ગંહુલી સંગ્રહ | ૬-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |
| જંબૂસ્વામિ ચરિત્ર | ૧૨-૦૦ |

**લખો :- શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર ( સૌરાષ્ટ્ર )

તંત્રી. શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ દેવેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only